BAOU BAOU BAOU

ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

યુનિવર્સિટી મુખપત્ર



# જ્ઞાનગંગા

વર્ષ-4 | અંક-14 (ફક્ત આંતરિક વિતરણ) | જૂન 2009

## કુલપતિશ્રીની કલમે

ગત અંકમાં ઉચ્ચ શિક્ષણના વ્યાપ અને તેની ગુણવત્તા અંગે આપની સાથે વિચારોની આપલે કરવાનો અવસર મળ્યો હતો. વચ્ચે માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી-2008માં ગઠીત પ્રો. યશપાલ કમિટીનો ઈન્ટરીમ (વચગાળાનો) રિપોર્ટ 'રિનોવેશન એન્ડ રિઝુવેનેશન ઓફ યુનિવર્સિટીઝ'ના શીર્ષકથી માર્ચ, 2009માં પ્રકાશિત કરવામાં આવેલ છે. આ કમિટીનો રિપોર્ટ આમ તો ઈન્ટરીમ (વચગાળાનો) છે પણ તેમાં રજૂ કરાયેલ મુદ્દાઓ બહુ અગત્યના છે.

રિપોર્ટમાં યુનિવર્સિટીની વિભાવનાની ચર્ચા કર્યા પછી ઉચ્ચ શિક્ષણની સમસ્યાઓ જેમાં સ્નાતક શિક્ષણની દશા, શિક્ષણનું નિમ્ન સ્તર, યુનિવર્સિટીઓ અને શોધ સંસ્થાઓની વચ્ચે અંતર, આઈ.આઈ.ટી.નું ઉચ્ચ શિક્ષણથી પૃથક્કરણ, રાજ્યની યુનિવર્સિટીઓ અને તેના સંલગ્ન કૉલેજોની ઉચ્ચ શિક્ષણના કેન્દ્રીય આયોજનમાં ઉપેક્ષા, યુનિવર્સિટીઓનું નબળું પ્રશાસન તંત્ર, યુનિવર્સિટીના સ્વાયત્તતાની ઉપેક્ષા અને તેમનું સબવર્જન, પ્રાઇવેટ સંસ્થાઓનો આડેધડ વિકાસ અને તેનો દુરુપયોગ, પોષાય નહીં તેવું ઉચ્ચ શિક્ષણ, ડિમ્ડ યુનિવર્સિટીની સંખ્યામાં અઢળક વૃદ્ધિ, નિયમો ઘડનારા વ્યક્તિ અને સત્તા મંડળોની કાર્યપદ્ધતિમાં ગુણવત્તા અંગે ચર્ચા કરવામાં આવેલ છે. રિપોર્ટમાં યુનિવર્સિટીની વિભાવના પર વિચાર કરવામાં આવ્યો છે. યુનિવર્સિટી તંત્ર એટલે જ્ઞાનના બ્રહ્માંડમાં નવા વિચારોની ઉત્પત્તિ, તેનો ઉછેર અને વિકાસ અને સર્જનાત્મકની અભિવ્યક્તિ. કમિટી મુજબ યુનિવર્સિટીની આ વિભાવનાને ક્રિયાન્વિત કરવાની જરૂર છે. સાથે સ્થાનિક જ્ઞાનની સામે ઉત્પન્ન ચિંતનોને સ્વીકારીને તેમની રોજિંદી જિંદગી તથા વૈશ્વિક સ્તરે થયેલા પરિવર્તન મુજબ બદલાવ કરવો પણ જરૂરી છે. પાઠ્યક્રમના નિર્માણમાં વિદ્યાર્થીઓની ભૂમિકા સ્વીકારીને આપણે સ્થાનિક જરૂરિયાત મુજબ તેમાં બદલાવની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે, સ્થળ અનુભવને સામેલ કરવા તથા આંતરિક વિદ્યાકીય અભિગમને પ્રોત્સાહન પર ભાર મૂકવામાં આવ્યો છે. યુનિવર્સિટીમાં વ્યવસાયિક શિક્ષણને પ્રોત્સાહન પર ભાર મૂકવામાં આવેલ છે. શિક્ષકોના શિક્ષણના અનુભવ, શિક્ષકોના પ્રશિક્ષણ અને પરીક્ષાની એક સાથે ભેગુ કરવું અને યુનિવર્સિટીની સંસ્થાકીય સ્રોતો એવા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવેલ છે. કમિટીની ઉપરોક્ત પછી મુખ્ય ભલામણો માટે રેગ્યુલેટરી સિસ્ટમમાં સુધારો કરવાની તથા યુનિવર્સિટીને પુનઃસંરચના કરવાની ભલામણો મુખ્ય છે. પ્રથમ ભલામણમાં મુખ્યતઃ વર્તમાનમાં કામ કરતા રેગ્યુલેટરી સંસ્થાઓ જેમ કે, યુ.જી.સી., એઆઈસીટીઈ ઇત્યાદિની જગ્યાએ એક સર્વોચ્ચ સંસ્થા એટલે ધ કમિશન ફોર હાયર એજ્યુકેશન રચવાની ભલામણ કરવામાં આવેલ છે. જે અનુસાર યુનિવર્સિટી શિક્ષણના કાર્યક્ષેત્રમાં વ્યવસાયિક અને ટેકનિકલ શિક્ષણના વિવિધ પ્રકારો સામેલ કરવાનું કહેવામાં આવેલ છે, તેનું મુખ્ય કાર્ય ઈન્સ્પેક્શન અને મંજૂરીની જગ્યાએ વેરીફીકેશન અને ઓથેન્ટીકેશન હોવું જોઈએ જેથી કે યુનિવર્સિટીઓ સંચાલિત સંસ્થાઓની રીતે કામ કરી શકે અને દરેક યુનિવર્સિટીને વ્યક્તિગત ઓળખ પણ બની રહે. યુનિવર્સિટીની પુનઃસંરચનાની બાબતમાં કમિટીનું માનવું એવું છે કે યુનિવર્સિટીના કુલપતિનું મુખ્ય કર્તવ્ય યુનિવર્સિટીના સંચાલનની સાથે સાથે એકેડેમિક નેતૃત્વ આપવાનું હોય છે. જેના માટે વર્તમાન સત્તામંડળોના સહકારથી કોઈ પણ દબાવ વગર કામ કરી શકે તેવાં વાતાવરણની જરૂર છે. આ કમિટીએ ઉપરોક્તની સાથે નીચે મુજબની ભલામણો કરવામાં આવેલી છે :

(1) યુનિવર્સિટીઓ સ્વ-નિયંત્રિત સંસ્થા બને તથા કોઈ અવરોધો વિનાની પારદર્શક પ્રક્રિયાઓ હાથ ધરે.

(2) યુનિવર્સિટીઓ વ્યવસાયિક અભ્યાસક્રમોની વિદ્યાલક્ષી બાબતો પર ધ્યાન આપવા માટે જવાબદારી દાખવે. એ.આઈ.સી.ટી.ઈ., એન.સી.ટી.ઈ., એમ.સી.આઈ., બી.સી.આઈ., સી.ઓ.એ., આઈ.એન.સી. જેવી વ્યવસાયલક્ષી સત્તામંડળો પોતાનાં વિદ્યાલક્ષી કાર્યક્રમો વ્યાપકભાવે ખુલ્લા રાખે જેથી યુનિવર્સિટીઓમાં એ પુનઃ સ્થાપિત થાય.

(3) હાલની યુનિવર્સિટી-નિયંત્રક સંસ્થાઓ જેવી કે, યુ.જી.સી., એ.આઈ.સી.ટી.ઈ., એન.સી.ટી.ઈ.ની જગ્યાએ ઉચ્ચ શિક્ષણ આયોગ જેવા સર્વવ્યાપક વૈધાનિક સંકુલની રચના થાય.

(4) આ ઉચ્ચ શિક્ષણ આયોગનો સૌથી પહેલો અગ્રતાક્રમ અભ્યાસક્રમ સુધારણાનો હોય જે એક એવું સર્વસ્પર્શી માળખું રચે જેથી એકથી બીજી જગ્યાએ જનારને સુવિધા રહે અને એથી શૈક્ષણિક ઉંડાણવાળા કૌશલને વધુ સઘનતા મળે.

(5) પૂર્વસ્નાતક અભ્યાસક્રમોની એ રીતે પુનર્રચના થાય જે વિદ્યાર્થીઓને જ્યાં જાય ત્યાં સરખી તકો સંપડાવી શકે.

(6) બધી જ યુનિવર્સિટીઓનાં જ્ઞાનક્ષેત્રો વ્યાપક બને - કોઈ એક જ જ્ઞાન વિષયમાં કેન્દ્રિત રહેતી યુનિવર્સિટી આકાર ન લે.

(7) વિશેષજ્ઞતાવાળી આઈ.આઈ.ટી. અને આઈ.આઈ.એમ. જેવી સંસ્થાઓ સંપૂર્ણ યુનિવર્સિટીમાં પરિવર્તિત થાય - એની નિપુણતાઓને આંચ ન આવે એ રીતે.

(8) યુનિવર્સિટીઓ વ્યાપક પ્રજા જીવન સાથે પણ જીવંત સંબંધ સ્થાપે અને ગ્રામીણ શહેરી જીવનના અર્થતંત્ર અને સંસ્કૃતિ અંગેના પડકારોને ઝીલવાની ક્ષમતા કેળવે.

(9) બધાં જ જ્ઞાન ક્ષેત્રોના શિક્ષકોની કેળવણી એક જ ઉચ્ચ શિક્ષણ કેન્દ્ર હેઠળ થાય.

(10) યુનિવર્સિટીઓ એમની સ્વાયત્તતાનું જતન પારદર્શકતાથી અને પૂરા દાયિત્વથી કરી શકે એવી નવી સંચાલન વ્યવસ્થા નિપજાવવામાં આવે.

(11) હાલની ડિમ્ડ યુનિવર્સિટીના દરજ્જાની પદ્ધતિ તરત બંધ કરવામાં આવે. હાલની બધી જ ડિમ્ડ યુનિવર્સિટીઓ માટે નવી ગુણવત્તા યોગ્યતા ત્રણ વર્ષમાં મેળવવી અનિવાર્ય / જરૂરી બનાવવામાં આવે. એ ન કરી શકે તો એનો દરજ્જો પાછો ખેંચી લેવાય. આમ છતાં, વિશિષ્ટ એવાં શૈક્ષણિક સંચાલનો જેણે વર્ષો સુધી ઉચ્ચ શિક્ષણને સમૃદ્ધ કર્યું હોય એને માન્યતા અપાય ને એનું યોગ્ય જતન કરવામાં આવે.

(12) ઉચ્ચ શિક્ષણની બધી જ સંસ્થાઓને માટે ગુણવત્તા યોગ્યતા મેળવવાની એક સરખી તક ઊભી કરવામાં આવે.

(13) રાજ્યો દ્વારા ફંડ મેળવતી 3 યુનિવર્સિટીઓને માટે કેન્દ્રીય ફંડનું પ્રમાણ વધારવામાં આવે જેથી એના વિકાસને અવકાશ મળે.

(14) ઉચ્ચ શિક્ષણ પદ્ધતિનો વ્યાપ - વિસ્તાર એ રીતે વધારવામાં આવે જેથી દેશના વિભિન્ન પ્રદેશોની જરૂરિયાતના સંદર્ભમાં એનું સતત મૂલ્યાંકન થતું રહે, જેથી માત્ર સમાનતા અને સરખી તકો મળે એટલું જ નહીં પણ ગુણવત્તા અને ઉત્તમ તકોની પણ ખાતરી આપવામાં આવે, જેને કારણે શૈક્ષણિક વિકાસ ઊંડાણવાળો બને.

આ બધી ભલામણો સારી છે તેનું સકારાત્મક તથા અસરકારક રીતે અમલીકરણ થાય તો શિક્ષણ જગતમાં નિશ્ચિત પરિવર્તન થશે. આશા રાખીએ આ કમિટીની અંતિમ રિપોર્ટ જ્યાં સુધી આવશે ત્યાં સુધી તેના અમલીકરણ માટે સંબંધિત સંસ્થાઓ દૃઢ નિશ્ચય બનશે.

નવા શૈક્ષણિક સત્રની શુભેચ્છાઓ સાથે.

**- ડૉ. અવધેશકુમાર સિંહ**

કુલપતિ

## વિચારોત્તેજક પરિસંવાદ :

આધુનિક વિવેચન પરંપરાને લાંબા ફલક પર આવરી લેતો, મહત્ત્વના 16 (સોળ) વિવેચનવાદોને સમાવતો એક પરિસંવાદ આધુનિક વિવેચનના વિવિધવાદો નામથી તા.25-26, માર્ચ, 2009ના દિવસોમાં, જીસીઈઆરટી - ગાંધીનગરમાં યોજાઈ ગયો. આ દૃષ્ટિસંપન્ન પરિસંવાદનું આયોજન - માનવવિદ્યાઓ અને સામાજિક વિજ્ઞાનોની અધ્યયનશાળાના ઉપક્રમે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, દ્વારા કરવામાં આવ્યું.

ઉદ્‌ઘાટન સમારંભમાં સુમનબહેન ત્રિપાઠીએ મધુરકંઠે પ્રાર્થના રજૂ કરી. ત્યારબાદ મહાનુભાવો પ્રો. ભોળાભાઈ પટેલ, પ્રો. નામવરસિંહજી, પ્રો. એ. કે. સિંહ-દ્વારા દીપપ્રાગટ્ય થયું. મહેમાનોના અભિવાદન બાદ ડૉ.રમણ સોનીએ પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરતાં કહ્યું કે, વિવેચનના સોળ મહત્ત્વના વાદ - ખરેખર તો પશ્ચિમના વિવેચનની દીર્ઘ પરંપરા છે. એની વિભાવનાઓ વિદ્વાનો હાથવગી કરી આપશે. તેમના મતે આ પરિસંવાદ - આ વિવેચન પદ્ધતિઓની મુખોમુખ હોવાનું પર્વ છે.' પ્રા. એ. કે. સિંહે અધ્યક્ષસ્થાનેથી ટૂંકું પણ મનનીય પ્રવચન આપ્યું - યુનિવર્સિટીનું એક ધ્યેય જ્ઞાનની ચર્ચા, એનો વિસ્તાર છે. એમના મતે 'વાદો'નો જાણે આતંક ફેલાયો છે, 'થિયરી'ની ગૂંચવણો વિદ્યાર્થીઓને જાણે ખતમ કરી નાંખે છે. આપણે ત્રિશંકુ પરિસ્થિતિમાં છીએ. 'થિયરી' માત્ર 'થિયરી' ન રહેતા એને આપણા સંદર્ભોમાં સમજીએ અને તેનો વિનિયોગ કરીએ, આ પરિસંવાદ એનો એક ભાગ છે. આના પછી 'સંસ્કૃત વિવેચના' અને 'સામ્પ્રત સાહિત્ય' પર પરિસંવાદો થવા જોઈએ. આપણે આપણી પરંપરાથી વિમુખ થયા છીએ. આ પરિસંવાદનો મૂળભૂત પ્રાથમિક હેતુ પશ્ચિમની વિવેચનાને સમજવાનો છે. કાર્યક્રમમાં ડૉ. કિરીટભાઈ જોષી - (ગુજરાતના મુખ્યમંત્રીના શિક્ષણ સલાહકાર) એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. પરિસંવાદનું બીજવક્તવ્ય ખ્યાત હિંદી સાહિત્ય-વિવેચક પ્રો.નામવર સિંહજીએ આપ્યું - તેમને કહ્યું કે, પરિસંવાદ 'આધુનિક વિવેચન' પર છે પણ આમાં કેટલાક વિષયવાદ એવા છે જે 'અનુઆધુનિક' પણ છે. વળી, આપણી પરંપરામાં જે રૂઢ થયું છે એવી સંજ્ઞાઓ યોજવા એમને અનુરોધ કર્યો જેમકે, Indology - ભારતીય વિદ્યા, Orientalism - પૌર્વાત્યવાદ. તેમણે કહ્યું કે પશ્ચિમમાં 'થિયરી'નો સુવર્ણયુગ પૂરી થઈ ગયો છે - 'થિયરી' એ આપણને સમૃદ્ધ બનાવ્યા છે. પણ શાસ્ત્રચર્ચા 'અમૂર્ત'છે જ્યારે સર્જત 'મૂર્ત' છે. 'થિયરી'ની પરિભાષાથી આપણે મુક્ત થઈએ. 'ક્લોઝ રીડિંગ'ને તેમણે હળવાશથી 'ક્લોઝ શેવિંગ' સાથે સરખાવ્યું અને કહ્યું કે ક્લોઝ રીડિંગમાં 'કૃતિ'ના પ્રાણ રૂપરસનું શું થાય છે ? - તેમણે 'સર્જક'ને - 'સર્જન'ને ઉત્તમ ગણાવ્યા હતા. તેથી વિવેચકોએ વિવેચન કરતાં સાવધાન રહેવું જોઈએ. ઉદ્‌ઘાટક - જાણીતા વિવેચક ભોળાભાઈ પટેલ પ્રાસંગિક વક્તવ્યમાં સાહિત્યકવાદો વિશે પાયાની સમજ અને પછી એનો વિવેચનમાં વિનિયોગ અંગે વાત કરી હતી. વાદની ચર્ચા તેમણે ગુજરાતી સાહિત્ય સંદર્ભે કરી હતી. કોઈપણ વાદ કૃતિને ખોલી આપે એ એનુ પ્રાથમિક કાર્ય છે. બેઠકમાં અંતે ડૉ. દક્ષાબહેન ઠાકરે આભારવિધિ કરી હતી, સંચાલન - પ્રા. હરદ્વારા ગોસ્વામીએ કર્યું હતું.

પ્રથમ બેઠકનો ડૉ. રમણ સોનીના સંચાલન હેઠળ આરંભ થયો - જેમાં પ્રથમ વક્તા હતા. ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળા, અને વિષય હતો - પ્રતીકવાદ - તેમણે પ્રતીકવાદને વાદોનો વાદ કહ્યો - પ્રતીકવાદ અને તેનો પ્રભાવ કેવી રીતે યુરોપ અને સમગ્ર વિશ્વમાં તેમજ ભારતીય ભાષાઓમાં અને ગુજરાતમાં થયો એની વિગતો સાથે વાત કરી. માધ્યમ વિદ્રોહ, ભાષા કેન્દ્રથી તા. મુખ્ય પ્રત્યકવાદી કવિઓ બાંદલેર માલામેં વાલેરીના સંદર્ભે કરી. 'વાદ' એક યા બીજી રીતે પ્રત્યક્ષ કરી આપે છે. સંવેદનના ધારને તેજ કરી આપે છે. વાદ જાય છે પણ એની ગૂંજ મૂકતો જાય છે, જેથી રચનાને સંવેદી શકાય. બીજા વક્તા - ડૉ. રમેશ ઓઝાએ - આધુનિકતાવાદ પર વક્તવ્ય આપ્યું. આધુનિકવાદ - અનેકવાદોને મૂકીને બનેલી સંજ્ઞા છે. તેમણે આધુનિકતાના યુગમાં જે આવિષ્કારો થયા તેની વિગતે વાત કરી. આધુનિકતાના પરિબળો, યુદ્ધોત્તર કવિતા-માં એલિયટ અને એઝરા પાઉન્ડ આધુનિકના ઉદ્‌ગાતા હતા. તેમજ ઈ.ઈ.કમીંઝને અછાંદસના વિલક્ષણ કવિ કહ્યું. બેઠક આ પ્રશ્નોતરીથી બેઠક જીવંત બની હતી. ભોજન માટે પ્રણાય કરતાં કરતાં સહભાગીઓની અનૌપચારિક ચર્ચાઓથી વાતાવરણ બંધાતું જતું હતું.

ભોજનવિરામ પછી બીજીબેઠક શરૂ થઈ. ડૉ. ભરત મહેતાના વક્તવ્યથી વિષય હતો - માર્કસવાદ. તેમણે અનેક વિગતો સાથે માર્કસવાદ જોંસભેર વિશે વાત કરી. હેગલ, અનુપાર્કસવાદ અને હજારચુરાશીરમાં માર્કસવાદ એમ અલગ અલગ જોવા મળે છે. માર્કસવાદના બે ઘટકો આધાર અને 'અતડંરચના'ની વિગતે વાત કરી હતી. સર્જક સ્થળ-કાળથી બંધાયેલો છે એ માર્કસવાદ સમજાવ્યું વર્ગ આધારિત સમાજ હતો તેથી વર્ગ વર્ગરહિત સમાજ માર્કસવાદની ઝંખના છે. ત્યારપછીનું વક્તવ્ય ડૉ. સુમન શાહ 'સંરચનાવાદ' વિશે આપ્યું. સંરચનાવાદના પાયામાં માર્કસ અને સોસ્યુરતાં દર્શનો છે. દરેક વાદને પોતાના સત્યો - આવા આગ્રહને લીધે જ એ વાદ કહેવાય સંરચનાવાદના સત્યો - એ છે કે, સંરચના તમામ સ્તરે, એ સંકેતક-સંકેતિકથી સંરચિત છે, સંરચના પોતાનો અર્થ પ્રગટાવીને રહે છે. એમણે સંરચનાવાદનાં વિગતે વાત કરી રોલાં બાર્થ. લંકા ઝર્યા પિયે, મિશેલ ફૂકો,

કુન, આલ્યુઝર, દેરીદા વગેરે વિચારકોનો સંરચનાવાદ સાથેનો સંબંધ સ્પષ્ટ કર્યો. આ બેઠક પછી પ્રશ્નોત્તરી થઈ જેમાં ધ્વનિલ પારેખ, દિલીપ કાતરીયા સહભાગી થયા.

ત્યારપછીનું વક્તવ્ય ડૉ. મધુસૂદન બક્ષીએ 'વિઘટન સિદ્ધાંત' વિશે આપ્યું. તેમનું વક્તવ્ય પ્રમાણમાં કઠીન એવા વિષય પર હોવા છતાં તેમની રસપ્રદ શૈલીએ - નર્મ-મર્મથી- સહજ વિષયપ્રવેશ કરાવીને ઊંડાણપૂર્વક ચર્ચા કરી વિષય સ્પષ્ટ કર્યો હતો. દેરીદાની આ 'થિયરી' કોઈ વાદ નથી. દેરીદાને કશો અર્થ અભિપ્રેત નથી એમ નથી, એ કશોક અર્થ છે એનો સ્વીકાર કરે છે. દેરીદાની થિયરીનો પ્રારંભ 1966માં તેણે રજૂ કરેલા, પેપર 'સંરચના, સંકેત અને ક્રિડા'થી થયો. દેરીદાએ પશ્ચિમના વિચારકોના વિચારોનું વિઘટન કર્યું - નેચરલ, કલ્ચરલ યુનિવર્સલ; વાણી-લેખન, દ્વિ-પદી વિરોધ, ડિફ્રેન્સ, Other (અન્ય) વગેરે વિચારોને સ્પષ્ટ કરી આવ્યા. ત્યારપછી ડૉ. એ.કે. સિંહે 'ભવ્ય ઈતિહાસવાદ' વિશે પરિભાષાનો ઓછામાં ઓછો વિનિયોગ કરીને વ્યાખ્યાન આપ્યુ. નવ્ય ઈતિહાસવાદ - એ અભિગમ છે. કોઈ વાદ નથી. સ્ટીફન ગ્રિનબ્લાટ અને લુઈમોન્ટરોના વિચારણાના મુખ્ય મુદ્દાઓ તેમણે પોતાના વક્તવ્યમાં સમાવી લીધા. બેઠકના અંતે રસપ્રદ પ્રશ્નો - પુછાયા જેમાં મધુસૂદન બક્ષી, ચન્દ્રકાન્ત ટોપીવાળા, એ. કે. સિંહ, મૌલિક દવે સહભાગી થયા. પરિસંવાદમાં થયેલી ચર્ચાઓએ ઉત્તેજના જગાવી, વાતાવરણમાં ગરમાવો આવ્યો હતો. સવારથી શરૂ થયેલો પરિસંવાદ સાંજે સાડા-છ વાગ્યે પૂરો થયો ત્યારે કેટલીક સ્પષ્ટતાઓ, અસ્પષ્ટતાઓના ગૂંચવણો, એનો આનંદ અને આવભકની અપેક્ષાઓ સહુના ચહેરા પર દેખાતી હતી.

બીજા દિવસે પરિસંવાદની ત્રીજી બેઠકનો આરંભ થયો. પ્રા. સિતાંશુ યશ્ચન્દ્રના વક્તવ્યથી વિષય હતો - પૌર્વાત્યવાદ. તેમણે વ્યાખ્યાનને બે ઉદ્દેશોમાં વિભાજિત કર્યું. એક, સાહિત્ય - સંસ્કૃતિના વિવિધ અભિગમોનો પરિચય, બે, મૂળગામી લેખકોના પરિચય. તેમણે Orientalism માટે 'પ્રાચ્યવિદ્યાવાદ' એવી સંજ્ઞા સૂચવી, કેમકે, તેમના મતે Orieantalism માં ભળતાં હેતુ માટે પ્રપંચ હોય એમ લાગે છે. આ સંજ્ઞા 1978 માં એડવર્ડ સૈયદે પ્રયોજી. પ્રાચ્ય વિદ્યાવાદ રાજગુરુ છે - પ્રર્વના પ્રદેશો (અરબસ્તાન વગેરે) પર પાશ્ચાત્ય પ્રદેશ ઠોકી બેસાડે છે. પ્રાચ્ય પ્રદેશના ખંડદર્શન (South Asian Studies) 'માઉથ એશિકા' શા માટે ? - ગ્રામસી, દેરિદા, ફુકોના આકારે તેમણે આખી વાત વિશદ રીતે મૂકી આપી હતી. ત્યાર પછીનું વક્તવ્ય ડૉ. દીપ્તા આચારે 'નારીવાદ' વિશે આપ્યું. તેમણે 'નારીવાદ'ને માત્ર સાહિત્યિક સંદર્ભ ન લેતાં વિસ્તૃત ફલક પર મૂકીને વાત કરી, નારીવાદ - એના ઉદ્ભવ - એના કારણોની વિગતે ચર્ચા તેમણે કરી. આ બે વ્યાખ્યાન પછી પ્રશ્નોત્તરી થઈ. જેમાં અનિલ વાળા, મૌલિક વ્યાસ, અજય રાવલ, હેમન્ત દવે, એ. કે. સિંહ વગેરે સહભાગી થયા.

ત્યારપછીનું વક્તવ્ય પ્રો.કપિલ કપૂરે 'ઉદાર માનવવાદ' પર આપ્યું. તેમણે કહ્યું કે, ઉદાર માનવવાદ-માં ઉદાર પણ નથી અને માનવવાદ પણ નથી. પશ્ચિમના વિચારજગત બનેલા બનાવો સમાજ માણસ, તર્કની વિગતે વાત કરી. તેના ત્રણ સ્રોત માનવવાદના મુખ્ય વિચારણા વગેરે મુદ્દાઓ વિશે કરી. ત્યારપછીનું વક્તવ્ય પ્રો. ઈ. વી. રામકૃષ્ણને 'સાંસ્કૃતિક ભૌતિકવાદ' વિશે આપ્યું. વિશદતાથી મૂકી આપી. છેલ્લાં બે-ત્રણ દાયકાથી 'સાંસ્કૃતિક' સંજ્ઞા ચર્ચામાં છે. રેમન્ડ વિલિયમે એને પ્રચલિત કરી 'આદર્શવાદ'ની સામે 'ભૌતિકવાદ' સંજ્ઞા આવી. આ 'સાંસ્કૃતિક ભૌતિકવાદ'ની ચર્ચામાં એમણે પશ્ચિમના વિચારકોના વિચારોને - મિશેલ ફુકો - આદિને સ્પષ્ટ કર્યા.

આ વ્યાખ્યાન પછી મા.નામવરસિંહજીએ પૂર્તિરૂપે કેટલીક વાત કરી - એમની ચર્ચાનો મુખ્ય મુદ્દો હતો કે 'થિયરી'ના પ્રવર્તતકો મોટાભાગે અધ્યાપકો હતા અને એ બધા 'યુનિવર્સિટી ઈન્ડસ્ટ્રીઝ'માંથી આવ્યાં હતાં, આ સિવાયના સર્જકોએ પણ લખ્યું છે જેમકે, વર્જિનિયા વુલ્ફ, સુસાન સોન્ટાંગ, ટી.એસ. એલિયટ, બ્રાખ્તિન, વોલ્ટર બેન્ઝામિન - કે આપણા સંદર્ભમાં નિરાલાજી, પંતજી, જયશંકરપ્રસાદ, અજ્ઞેય રામશેર બહાદુર કે નિર્મલ વર્મા. તેઓ કાવ્યાનુભૂમિ - રસાનુ ભૂતિનો આનંદ ભાવકો સુધી પહોંચાડી શકે.

ચોથી બેઠકમાં પ્રો. ગણેશ દેવીએ 'દેશીવાદ' વિશે વક્તવ્ય આપ્યું. તેમણે 'દેશીવાદ' વિશે વિગતે વાત કરી, મરાઠી વિદ્વાન ભાલચંદ્રનેમાડેની દૃષ્ટિએ સામાજિક વાસ્તવવાદનું વર્ણન કરનારી, નવલકથામાં દેશીવાદ'ના મૂળ છે. 'દેરેનવાદ' સંજ્ઞાનો તત્કાલીન વિવેચકોએ પ્રતિવાદ કર્યો. 'દેશીવાદ' સંજ્ઞામુદ્દા 1980માં પ્રચારમાં આવી છે. તેમણે 'દેશીવાદાના સંદર્ભ વાસ્તવ - સ્થળ - કાળ - પરંપરા વગેરે વિશે વાત કરી. આ બેઠકનું બીજું વ્યાખ્યાન પ્રા. હેમન્ત દવેએ 'અનુઆધુનિકતાવાદ' વિશે આપ્યું. 'અનુ'- એ વિભાવનાવાચક, પૂર્વસોક્રેટિસથી શરૂ કરી. અનુઆધુનિક સુધીના મુખ્ય વિચારકોના વિચારને સંક્ષેપમાં મૂકીને અનુઆધુનિકવાદને સ્પષ્ટ કરી આપ્યો. અનુઆધુનિકતાવાદમાં એકાધિક વાદ છે. 'મહાવૃત્તાન્તો'થી કેવી રીતે 'લઘુવૃત્તાન્ત' સુધી આવ્યા, એના કારણો, બહુવાદ, ભાષા-વાસ્તવના સંબંધો વગેરે મુદ્દાઓની છણાવટ લ્યોતાર, બોદ્રિયાડ, દેરિદા સંદર્ભે વિગતો સાથે કરી હતી. ત્યારપછીનું વ્યાખ્યાન મરાઠીના જાણીતા દલિત સર્જક - શરણકુમાર લિમ્બાલેએ 'દલિત સૌન્દર્યશાસ્ત્ર પર લાક્ષણિક રીતે આપ્યું. શા માટે 'દલિત સાહિત્ય' એના જુદા જુદા તબક્કાઓ

દલિતસાહિત્યનો હેતુ, તેમજ દલિત સાહિત્યનો સમીક્ષા માટે આગવું સૌન્દર્યશાસ્ત્ર જાતિ વ્યવસ્થાનું જ્ઞાન, આનંદ નહિ અસ્વસ્થ કરે, આનંદથી વધારે મહત્ત્વ સ્વતંત્રાનું - વગેરે મુદ્દાઓની ભાવવાણ રજુઆત કરી હતી, એ રજુઆતમાં સચ્ચાઈનો રણકો હતો.

ત્યારબાદ પ્રો. શ્રીધર રાજેશ્વરને - 'અનુસંસ્થાનવાદ' વિશે મુદ્દાસર - સ્લાઈડનો શો દ્વારા ટૂંકમાં પણ - દરેક આવશ્યક મુદ્દાઓને સ્પર્શીને - વક્તવ્ય આપ્યું હતું. પરિસંવાદનું અંતિમ વક્તવ્ય પ્રો.બાલાજી રંગનાથને - 'મનોવિશ્લેષણ સિદ્ધાંત' વિશે - સ્લાઈડ શો દ્વારા આવ્યું - તેમણે મનોવિશ્લેષણ સિદ્ધાંત'ના દરેક મુદ્દાનું વિવરણ કરતાં કરતાં આખો સિદ્ધાંત વિશદ રીતે સ્પષ્ટ કર્યો હતો.

સમાપન બેઠકમાં મૌલિક વ્યાસ અને નયના પારેખે પરિસંવાદ વિશે પ્રતિભાવ આપતાં આનંદ અને સંતોષ વ્યક્ત કર્યા, પ્રા. ભોળાભાઈ પટેલ, ડૉ. અવધેશકુમારસિંહે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આભાર રમણભાઈ સોનીએ પ્રગટ કર્યો હતો.

વિશાળ ફલકને ઊંડળમાં લેતા આ પરિસંવાદની વિશેષતાએ હતી કે દેશભરના - વિવિધ ભાષાસાહિત્યના વિદ્વાનો - (અપવાદરૂપ એક વક્તા જ ઉપસ્થિત રહી શકતા નહોતા) ઉપસ્થિત હતાં. એક સાથે આટલા વાદ વિશે સરસ રીતે વાત થાય એ ઘટના સ્મરણીય. હવે જો આ વ્યાખ્યાનો પુસ્તકરૂપે પ્રકાશિત થાય તો સોનામાં સુગંધ ભળે. એક દૃષ્ટિસંપન્ન - વિચારોત્તેજક પરિસંવાદની સ્મૃતિ ચિત્તમાં લાંબો સમય સ્થિર રહેશે. આયોજકોને અભિનંદન.

**- અજય રાવલ**

## યુનિવર્સિટી જર્નલ 'વિમર્શ'નો અર્પણ-ઉત્સવ કાર્યક્રમ

યુનિવર્સિટીએ પ્રગટ કરેલા એના પહેલા સામયિક (જર્નલ) 'વિમર્શ'ને વિદ્યાજગતને અર્પણ કરવાનો એક ઉત્સવ, કુલપતિશ્રી પ્રો.અવધેશકુમારના અધ્યક્ષપદે એપ્રિલની 4થી તારીખે સાંજે, ગુજરાતી સાહિત્ય પરિષદ પરિસંવાદ ખંડમાં યોજાયો હતો. 100 ઉપરાંત શ્રોતાઓ એમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના ઉદ્‌ઘાટક હતા જાણીતા સાહિત્યકાર ડૉ. ભોળાભાઈ પટેલ; અતિથિવિશેષ હતા જાણીતા નવલકથાકાર ડૉ. રઘુવીર ચૌધરી; વિશેષ વક્તવ્ય હતું પરિષદ - સંસ્થાના નિયામક ડૉ. રમેશ દવે.

કાર્યક્રમની ભૂમિકા બાંધતાં 'વિમર્શ'ના સંપાદક તથા માનવવિદ્યાઓના નિયામક ડૉ. રમણ સોનીએ કહ્યું કે ગુજરાતીમાં સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, સંગીત, ચિત્ર, ભાષાવિજ્ઞાન, સાહિત્ય એવાં વિવિધક્ષેત્રે કેવાં ઉત્તમ કાર્યો થયાં છે એની માત્ર એક ઝલક આ સામયિકનાં 250 પાનાંમાં 13 લેખોમાં મળે છે, એ લેખો બીજા અનેક લેખોમાંથી પસાર થયા પછી, ઉત્તમ લેખો તરીકે પસંદ કરેલા છે. આશા છે કે પોતાના વિષયના તેમજ અન્ય વિષયના આ લેખો વાંચવાથી કશુંક મેળવ્યાનો આનંદ વિદ્યાજગતના અભ્યાસીઓ અને વિદ્યાર્થીઓને જરૂર થશે.

ઉદ્‌ઘાટન પ્રવચન આપતાં પ્રો.ભોળાભાઈ પટેલે ખૂબ જ હર્ષ વ્યક્ત કર્યો હતો કે એક યુનિવર્સિટીએ એક કરવા જેવું મહત્ત્વનું કામ કર્યું છે. અન્ય યુનિવર્સિટીઓ સમેત આખા વિદ્યાજગતને આમાંથી પ્રોત્સાહન મળશે. સંપાદકનું કામ આવાં પ્રકાશનોમાં અગત્યનું છે. આવાં અનેક પ્રકાશનો આપીને યુનિવર્સિટી ગતિશીલ રહે એવી શુભેચ્છા એમણે પ્રગટ કરી હતી.

અતિથિ વિશેષ શ્રી રઘુવીર ચૌધરીએ કર્યું હતું કે 'વિમર્શ' જોતાં એમ થાય છે કે ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી એકલી જ માત્ર ઓપન (ખુલ્લી) યુનિવર્સિટી છે જે વિદ્યાના અનેક પ્રવાહોને સ્વીકારે છે. આવા ઉત્તમને વારંવાર વાંચવા પ્રેરાઈએ ને તૃપ્ત કરે એવા - મહાભારત વિશેનો ઉમાશંકર જોશીનો લેખ; ચિત્રકળા વિશેનો ગુલામમોહંમદ શેખને લેખ, સંગીત વિશેનો ઢાંકીસાહેબનો લેખ બીજા બધા જ - લેખોનો આ સંચય એક સમૃદ્ધ પુસ્તક છે ને એના સંપાદક રમણભાઈ સોનીની, ઉત્તમ લખાણો માટેની સરસ સ્મરણાશક્તિ એની પસંદગીમાં કામ આવી છે. કુલપતિશ્રી અવધેશકુમારની વિદ્યાપ્રીતિ અને એમની પોતાની વિદ્વત્તા આવાં બીજાં ઘણાં કામ કરાવશે.

ડૉ. રમેશ દવેએ પુસ્તકની ઝીણી, વિગતવાર સમીક્ષા કરીને એની ઉત્તમતા બતાવી હતી. એના લેખોની અંદર પ્રવેશીને એમણે વિચારોની, બૌદ્ધિકતાની, તાર્કિકતાની લેખકોની શક્તિઓનો પરિચય કરાવ્યો હતો. એમણે લેખોની અનુક્રમણિકા બધા સામે વાંચી બતાવીને કહ્યું કે માત્ર અનુક્રમણિકા પરથી પણ એની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે તે પુસ્તક વાંચવા તત્પર થઈ જવાય છે. વિવિધ વિદ્યાઓના આવા ચુનંદા લેખો સૌ સામે મૂકી આપવા માટે એમણે સંપાદકને તથા યુનિવર્સિટીને અભિનંદન આપ્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી આનંદ વ્યક્ત કરતાં કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહે કહ્યું હતું કે અમે તો કર્તવ્યના ભાગરૂપે આ કામ કર્યું છે. બીજું બધું જ હોય પણ પોતાનું જર્નલ ન હોય તો તેને યુનિવર્સિટી કહેવાય જ નહીં. જર્નલમાં જ યુનિવર્સિટીની શક્તિઓનું, ખાસિયતોનું, એના સ્વરૂપનું પ્રતિબિંબ પડે છે.

યુનિવર્સિટી વતી ડૉ. દક્ષા ઠાકરે આભારદર્શન કર્યું હતું ને અધ્યાપક હરદ્વાર ગોસ્વામીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

કાર્યક્રમને અંતે, જેણે જિજ્ઞાસા બતાવી તે દરેકને 'વિમર્શ'નો અંક ભેટ અપાયો હતો.

'વિમર્શ'ના આ દાળદાર અંકની કિંમત રૂા.100 રાખેલી છે. હવે દર છ માસે વિમર્શ પ્રગટ થશે.

**- ભરતભાઈ ઠાકોર ચેતના શાહ**

***એક દિલ બીજા દિલને મળે તો એક મજલિસ***
***દિલ વિના લાખો મળે એને સભા છે મરીઝ કહેતા નથી.***

## કવિસંમેલન

તા.20-5-09ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે સંકળાયેલ શિક્ષક, વિદ્યાર્થી, કેન્દ્ર સંયોજક સર્જકોના કવિસંમેલનનું આયોજન સુખ્યાતિ સાહિત્યકાર શ્રી ચિનુ મોદી તથા સુપ્રસિદ્ધ કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટના અતિથિવિશેષ પદે યોજાઈ ગયું. જેમાં કેન્દ્ર સંયોજકની સાથે સાથે મોટી સંખ્યામાં કાવ્ય રસિકોએ લાભ લીધો હતો.

કાર્યક્રમનો ઉઘાડ પ્રા. સુમન ત્રિપાઠીની પ્રાર્થનાથી થયો. હર્ષ બ્રહ્મભટ્ટે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમમાં અજવાળું પાથર્યું હતું.

કાર્યક્રમની ભૂમિકા રચતા પ્રો.રમણ સોનીએ કહ્યું કે, 'આવા ઉપક્રમોથી કાવ્યની નજીક જવાય છે, કવિતા કાનની કલા છે, એ અર્થમાં આ ઉપક્રમ વધુ પ્રસ્તુત બનશે.''




કુલપતિશ્રી પ્રો. અવધેશકુમારસિંહે 'અકલ સે ઇંતકામ લેંગે' શેર કહીને 'કવિતાની નોખી અનોખી દુનિયામાં સૌને આવકાર્યા હતા. કવિતા એ હૃદય અને બુદ્ધિનો સંગમ છે.

કવિસંમેલનના પ્રારંભે હરદ્વાર ગોસ્વામીએ વાતાવરણ બનાવવા મનોજ ખંડેરિયાનો શેર કહ્યો હતો.

***નિરખને તું ગગનમાં તો અહીં ત્યાં બધે હું છું મને ધારી***
***લે મનમાં તો અહીં ત્યાં બધે હું છું.***

રાજકોટથી આવેલા અને B.P.P.ના પર વર્ષના વિદ્યાર્થિની શ્રીમતી ઉષાબા જાડેજાએ કાર્યક્રમના પ્રારંભે કાવ્યપઠન કર્યું હતું ''નારી વેદના'' કાવ્ય દ્વારા સૌને કરુણ રસમાં ગરકાવ કરી દીધા હતા.

અંધજન મંડળની બ્લાઈંડ સ્કૂલના આચાર્ય અને યુનિ.માં કાઉન્સીલિંગ કરાવતા, પ્રજ્ઞાચક્ષુ કવિશ્રી રણછોડ સોનીની 'ખાલીપો' નામક કવિતા ભાવકોને સભર સભર કરી ગઈ હતી.

અલિયાબાડા (જામનગર) બી.એડ. કૉલેજના અધ્યાપક અને કેન્દ્ર સંયોજક શ્રીમતી રૂપલ માંકડે 'મને ગમે છે' કાવ્ય રજૂ કર્યું હતું.

યુનિ.ના ભૂતપૂર્વ અધ્યાપક અને સાદરા કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે સેવા આપતા ડૉ. ધ્વનિલ પારેખે બાપા વિશેની કવિતા સૌને સંવેદન વિશ્વમાં લઈ ગઈ હતી.

***દરિયો ભલેને માને કે પાણી અપાર છે.***
***એને ખબર નથી કે નદીનું ઉધાર છે.***

હરદ્વાર ગોસ્વામીએ સાંપ્રત પરિસ્થિતિને આલેખતી ગઝલ પ્રસ્તુત કરી હતી.



***રોજ કેટલો ભાર ઉપાડું ? માણસ છું***
***રોજ કેટલી રાડો પાડું માણસ છું.***

ગુજરાત વિદ્યાપીઠના ગુજરાતી વિભાગનાં અધ્યક્ષા અને PACના સભ્ય શ્રીમતી ઉષા ઉપાધ્યાયે વતનપ્રીતિનું કાવ્ય પ્રસ્તુત કર્યું હતું. 'જળબિલ્લોરી' કાવ્ય સંગ્રહથી ગુજરાતી સાહિત્યમાં ખ્યાત થયેલા આ કવયિત્રીની મુલાયમ રજૂઆત સૌને સ્પર્શી ગઈ હતી.

સરકારમાં ઉચ્ચ અધિકારી હોવા છતાં સહજતાના સૂરે વિહરતા હર્ષ બ્રહ્મભટ્ટે ધારદાર ગઝલોથી શ્રોતાઓની વાહ વાહ રળી લીધી હતી.

'સરગોશી', 'આંતર દીવાદાંડી', 'કંદીલ', 'મૌનની મહેફિલ' વગેરે કાવ્યસંગ્રહોથી ગુજરાતી સાહિત્યમાં જાણીતા છે.

***પાણીને ના કરગરીને નીકળ્યો.***
***નાવમાં દરિયો ભરીને નીકળ્યો.***

કવિશ્રી ચિનુ મોદી એટલે ગઝલથી હરતી ફરતી પાઠશાળા... એમની રજૂઆતે દોબારા, તિબારા, કર્યા હતા.

*આ ગઝલ લખવાનું કારણ એ જ છે.*
*આંખના ખૂણે હજુયે ભેજ છે.*

કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું. યુનિ.ના M.A.ના વિદ્યાર્થીની કવયિત્રીશ્રી કાજલ ઓઝા અને M.S.W.ના વિદ્યાર્થીની અંકુર શ્રીમાળી હાજર રહી શક્યા ન્હોતા. એમના કાવ્ય ગોસ્વામીએ પ્રસ્તુત કર્યા હતા.

કુલ સચિવશ્રી (ઈ/ચા) સુરેન્દ્ર શાહ અને મદદનીશ કુલસચિવશ્રી દિલીપ કાતરિયાની વિશેષ ઉપસ્થિતિ હતી.

ગુજરાતી સાહિત્ય પરિષદનો હૉલ ભરચક ભરાઈ ગયો હતો. સાંજે 6.30 થી 8.00 સુધી ચાલેલા કવિ સંમેલનમાં સૌ રસતરબોળ થઈ વિદાય થયા હતા.

**- હરદ્વાર ગોસ્વામી**

## સ્વાધ્યાય વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં વર્ષ 2009માં પ્રવેશ લીધેલ તેમજ પ્રમોટી વિદ્યાર્થીઓના સ્વાધ્યાયકાર્ય તમામ અભ્યાસકેન્દ્રો પર મોકલાવેલ છે. જે વિદ્યાર્થી અભ્યાસકેન્દ્ર પરથી પોતાના પાઠ્યક્રમોના સ્વાધ્યાયકાર્ય મેળવી ન શક્યા હોય તેના માટે યુનિવર્સિટીની વેબસાઈટ પર તમામ પાઠ્યક્રમોના સ્વાધ્યાયકાર્ય મૂકવામાં આવેલ છે. જેથી દરેક વિદ્યાર્થી પરીક્ષા પહેલા પોતાના સ્વાધ્યાયકાર્ય તૈયારી કરી કેન્દ્ર પર જમા કરાવી શકાશે.

યુનિવર્સિટીના તમામ અભ્યાસકેન્દ્ર પર પ્રવેશ મેળવેલ જૂના સ્વાધ્યાયકાર્યના ગુણના રેકર્ડની ઝેરોક્ષ કોપી યુનિવર્સિટી ખાતે (સ્વાધ્યાય વિભાગ)મા મોકલવા માટે સ્મૃતિ પત્ર તમામ અભ્યાસકેન્દ્ર પર પાઠવેલ છે. તે અન્વયે વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ ત્વરિત કાર્યવાહી કરવા સંયોજકશ્રીને નમ્ર નિવેદન છે.

સ્વાધ્યાયકાર્ય પદ્ધતિમાં (A.P.B.) ની મંજૂરી અન્વયે ફેરફાર થયેલ છે. જેના આધારે આગામી પ્રવેશ સત્રમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓના દરેક પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાય રહેશે પણ પ્રમોટી (S.Y.,T.Y) વિદ્યાર્થીઓના સ્વાધ્યાયકાર્ય જૂની પદ્ધતિ મુજબના તૈયાર કરવાના રહેશે. જેથી B.A. ના પ્રથમ વર્ષનાં સ્વાધ્યાયકાર્ય નવી પદ્ધતિ મુજબ અને બીજા અને ત્રીજા વર્ષનાં સ્વાધ્યાયકાર્ય જૂની પદ્ધતિ મુજબ મટીરિયલ સાથે સેન્ટર પર મોકલવામાં આવશે. માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમમાં આ ફેરફાર ઓગસ્ટ-2008થી અમલ કરવામાં આવેલ છે. તેથી પ્રથમ વર્ષ અને બીજા વર્ષનાં સ્વાધ્યાયકાર્ય નવી પદ્ધતિ મુજબના રહેશે. પણ ઓગષ્ટ-2008 પહેલાના નોંધાયેલા તમામ વિદ્યાર્થીઓ પાસેથી જૂની પદ્ધતિના સ્વાધ્યાયકાર્ય તૈયાર કરાવાનું રહેશે. તેની નોંધ સંયોજકશ્રીઓએ લેવા વિનંતી.

**- ડૉ. કુસુમ શર્મા**

## પ્રવેશ વિભાગ

Feb-2009 ની પ્રવેશ પ્રક્રિયા માટે અગાઉ આપવા આવેલ માહિતી મુજબ રાજ્યના તમામ જીલ્લા કેન્દ્રો તરફથી યુનિવર્સિટી કાર્યાલય પર તા.19-3-09 સુધીમાં જમા કરવાનું જણાવવામાં આવેલ. જે મુજબ વિવિધ સર્ટિફિકેટ કોર્ષીસ મળીને કુલ-14, 364 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. જે અંગે 50થી ઓછી વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતા કેન્દ્રોના વિદ્યાર્થીઓને તેમની નજીકના એક્ટીવ કેન્દ્રો પર તબદીલ કરવામાં આવેલ છે. જે અંગેના પત્રો દરેક સુષુપ્ત કેન્દ્રોને પાઠવવામાં આવેલ છે. તેમજ આ અંગેની વિગતવાર માહિતી યુનિવર્સિટી વેબસાઈટ www.baou.Org. પરથી મેળવી શકાશે.

પ્રવેશ આપવામાં આવેલ દરેક વિદ્યાર્થીઓના I-Card તેમજ મટીરિયલ તેમના પ્રવેશ અંગેના પત્રમાં જણાવ્યા મુજબના કેન્દ્રો પરથી પ્રાપ્ત થશે.

દરેક વિદ્યાર્થીઓને અનુરોધ કરવામાં આવે છે કે આપના નામ-સરનામા અંગે કરવાના થતા ફેરફાર અંગે તા.10-5-09 સુધીમાં યુનિવર્સિટી કાર્યાલય પર અરજી કરવાની હતી.

દરેક કેન્દ્ર સંચાલકોને કે જેમને પોતાના કેન્દ્રને લગતી કોઈપણ માહિતી અંગે ફેરફાર કરવાનો થતો હોય. તે અંગેની માહિતી યુનિવર્સિટી પર શ્રી હરદ્વાર ગોસ્વામી અભ્યાસ કેન્દ્ર સંચાલન વિભાગ. ડૉ. બા.આ.ઓ. યુનિ.ને વહેલી તકે પહોચતી કરવા માટે જાણ કરવામાં આવે છે. જેથી કરીને સામાન્ય કિસ્સાઓની વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓને નિવારી શકાય.

**- હરદીપસિંહ આર. ગોહિલ**

## M.S.W. વિભાગ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા M.S.W. અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. જેમાં કુલ 247 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો. જેમાંથી ચોથા સેમેસ્ટરમાં 198 વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવ્યો છે. M.S.W. પ્રથમ અને બીજી સત્રની પરીક્ષામાં મોટા ભાગના વિદ્યાર્થીઓ પાસ થઈ ગયા છે. જેમાંથી 35 વિદ્યાર્થીઓ એક બે વિષયમાં નાપાસ જાહેર થયા છે. જેઓને વ્યક્તિગત પોસ્ટ દ્વારા પરીક્ષા ફોર્મ મોકલી આપવામાં આવેલ છે. તેમની જુલાઈ મહિનામાં પરીક્ષા લેવાની શક્યતા છે. તદ્ઉપરાંત F.G.P. સ્વાધ્યાકાર્ય - 2નું 1 અને 2 139 જેટલા આવેલ છે. જેનું મૂલ્યાંકન થઈ ગયેલ છે. 01 થી 11 સુધીનાં સ્વાધ્યાકાર્ય પણ મોટાભાગના આવી ગયા છે. એનું મૂલ્યાંકન પણ કરી દેવામાં આવેલ છે. જેમ જેમ સ્વાધ્યાયકાર્ય આવતા

જાય છે. તે તાત્કાલિક ધોરણે મૂલ્યાંકન કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં જે વિદ્યાર્થીઓ સ્વાધ્યાકાર્યમાં પાસ થયા નથી એવા વિદ્યાર્થીઓને ફરીથી લખવાની મંજૂરી પણ મેળવી લેવામાં આવેલ છે. જેનું કામ સત્વરે શરૂ કરી દેવામાં આવેલ છે. નિવાસી તાલીમનાં રિપોર્ટ 125 જેટલા આવેલા હતા. જે પણ વિષય નિષ્ણાતો પાસેથી મૂલ્યાંકન થઈને આવી ગયેલ છે. જેમાંથી 83 વિદ્યાર્થીઓના વાયવા લઈ લેવામાં આવેલ છે. P II નું ફિલ્ડ રિપોર્ટ 117 જેટલા આવી ગયેલ છે. એનું મૂલ્યાંકન કાર્ય પૂર્ણ કરી 82 વિદ્યાર્થીઓના વાયવા લઈ લેવામાં આવેલ છે. લઘુ સંશોધન નિબંધ 28 જેટલા આવેલ તેનું મૂલ્યાંકન 21 વિદ્યાર્થીઓનાં વાયવા પણ લઈ લેવામાં આવેલ છે. જેમ જેમ લઘુ સંશોધન નિબંધ આવતા જશે તેમતેમ મૂલ્યાંકન કરી 30-30ની બેન્ચમાં વાયવા ગોઠવવામાં આવશે. તા.06 થી 08/04/09નાં રોજે યુનિવર્સિટીનાં ટેક્નોલોજી ભવનમાં ઉપરોક્ત વિદ્યાર્થીઓના વાયવા ગોઠવવામાં આવેલ હતા. જેમાં ઉપસ્થિત નિષ્ણાત તરીકે પ્રો.અનીલ નાવલે, પ્રો.ચન્દ્રગુપ્ત સાનન, ડૉ. સંધ્યાબેન ઠાકર, ડૉ. મહેશભાઈ ગામીત, ડૉ. બંકિમ વશૈયા, ડૉ. બચુભાઈ બરંડા, ડૉ. દેવચેન્દ્ર વહોનિયા, ડૉ. ગીતાબેન રાવલ વગેરે નિષ્ણાતોને વાયવા માટે આમંત્રિત કરવામાં આવેલ.

વધુમાં M.S.W. અભ્યાસક્રમની સમગ્ર પ્રવૃત્તિઓમાં જે વિદ્યાર્થી સંપૂર્ણપણે પાસ હશે તેવા વિદ્યાર્થીઓને આગામી તારીખ નક્કી કરી ફાઈનલ (મુખ્ય) વાયવા લેવામાં આવશે.

**- નવનીત ગાયકવાડ**

## આરોગ્યને લગતા અભ્યાસક્રમો

આરોગ્યને લગતા અભ્યાસક્રમોની PAC ની મીટિંગનું આયોજન તા.4-4-09ના રોજ મા કુલસચિવશ્રીની અક્ષ્યક્ષસ્થાને યુનિ. ખાતે કરવામાં આવેલ જેમાં લેવામાં આવેલ નિર્ણય મુજબ CTBA અભ્યાસક્રમની પ્રેક્ટીકલ પરીક્ષા તા.15-5-09ના રોજ DMCH અભ્યાસક્રમની પ્રેક્ટિકલ પરિક્ષા તા.16-5-09ના રોજ ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક. હોસ્પિટલ, મૉડાસા ખાતે યોજવાનું નક્કી કરવામાં આવેલ.

આ ઉપરાંત આ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓની પ્રેક્ટીકલ ટ્રેઈનિંગ તા.1-6-09ના રોજથી આ જ સંસ્થા (ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલ, મોડાસા) ખાતે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

**- ડૉ. ધવલ પંડ્યા**

## સેટોડિયલ

તા.27-3-09ના રોજ સેટોડિયલ વિભાગમાં હિન્દી સાહિત્યના સુપ્રસિદ્ધ વિવેચક શ્રી નામવરસિંહજીની મુલાકાત લીધી હતી. 'સાક્ષરનો સાક્ષાત્કાર' અંતર્ગત આ કાર્યક્રમમાં પ્રો. રમણ સોની અને પ્રો. આલોક ગુપ્તા પણ જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. હરદીપસિંહ ગોહિલે કર્યું હતું.

ઓપન યુનિવર્સિટીમાં સેટેલાઈટ દ્વારા શિક્ષણ સક્ષમ માધ્યમ છે. છેલ્લામાં છેલ્લા માણસ સુધી આ રીતે પહોંચી શકાય છે.

**- હરદ્વાર ગોસ્વામી**

## રેડિયો પ્રોગ્રામ

આંબેડકર યુનિવર્સિટી દ્વારા મહિનાના ત્રીજા રવિવારે 9 થી 10 દરમિયાન જીવંત ફોન ઈન કાર્યક્રમ "જ્ઞાનવાણી" રેડિયો (105.4 FM) પરથી પ્રસારિત થાય છે. એ અનુસંધાને યોજાયેલા કાર્યક્રમો નીચે મુજબ છે.

તા.15-02-09ના રોજ હિન્દીના વિદ્યાર્થી માટે "ઉપન્યાસ સ્વરૂપ ઔર વિકાસ" વિષય પર જાણીતા સાહિત્યકાર ડૉ. બિન્દુ ભટ્ટે મનનીય વક્તવ્ય આપ્યું હતું. સંચાલન પ્રા.શ્વેતા ભટ્ટે કર્યું હતું.

તા.15-3-09ના રોજ સંસ્કૃતના વિદ્વાન વિવેચક ડૉ. શાન્તિકુમાર પંડ્યાએ "વૈદિક સાહિત્ય અને આર્ષ મહાકાવ્યો" વિષય પર માહિતીસભર વક્તવ્ય આપ્યું હતું. સંચાલન પ્રા. હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું.

તા.19-04-09ના રોજ જાણીતા હાસ્ય. લેખક અને વિવેચક ડૉ. રતિલાલ બોરિસાગરે "ભાષાશિક્ષણ" વિશે સરળ બાનીમાં વક્તવ્ય આપ્યું હતું. અંગ્રેજી પાછળની આપણી આંધળી દોટની ટીકા કરી હતી. પ્રાથમિક શિક્ષણ હંમેશા માતૃભાષામાં જ હોવું જોઈએ એવો આગ્રહ સેવ્યો હતો. સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું.

અનેક વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછી એમની જિજ્ઞાસા સંતોષી હતી. પ્રસારણમાં શ્રીમતી નેહાબેન ભટ્ટનો તક્નીકી સહયોગ મળ્યો હતો.

## યુનિવર્સિટી પ્રચાર પ્રસાર :

અંજુમને તાલીમી ઈદારા, ભરૂચ કેન્દ્ર કોડ 1101 દ્વારા ભરૂચ જીલ્લાનાં માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓની આયોજિત એક મિટીંગ (GNFC LTD. નાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ઓડિટોરીયમમાં યોજાઈ ગઈ જેનાં અતિથિ વિશેષ GNFC નાં એડિશનલ જનરલ મેનેજર (માનવ સંશાધન વિકાસ અને તાલીમ) ઉપસ્થિત રહ્યા હતા આ સંમેલનમાં 230 જેટલી શાળાઓનાં આચાર્યો હાજર રહેલા હતા આ પ્રસંગે ભરૂચ કેન્દ્રનાં પ્રતિનિધિઓ દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. અમદાવાદ દ્વારા ચાલતા માન્ય અભ્યાસક્રમોની વિગત રજુ કરી હતી તેમજ આ કેન્દ્રને મળેલ CCC તેમજ CCC+

નાં અભ્યાસકેન્દ્ર તેમજ પરિક્ષા કેન્દ્ર તરીકે મળેલી માન્યતાની જાણ કરવામાં આવી હતી.

અત્રેનાં ઈદાર કેમ્પસનાં ઓબર્ઝવર શ્રી વી કે વૈશ્નવે જીલ્લામાંથી પધારેલા 230 જેટલા આચાર્યોને ભરૂચ કેન્દ્ર ખાતે શરૂ કરવામાં આવેલા CCC+ અભ્યાસક્રમો શરૂ થયાની માહિતી આપી હતી. આ અભ્યાસક્રમોનો જીલ્લામાં પ્રચાર પ્રસાર વધે તે હેતુથી સરકારી, અર્ધસરકારી અને ખાનગી સંસ્થાઓમાં આ વિશે માહિતી મળે તે માટે ફિલ્ડ પ્લાનર શ્રી અલ્કેશભાઈ પંડ્યા દ્વારા લીફલેટ અને પેમ્ફલેટ આચાર્યશ્રીઓને આપવામાં આવ્યા હતા. જીલ્લાનાં ઉંડાણનાં ગ્રામ વિસ્તાર સુધી અભ્યાસક્રમોની માહિતી પ્રાપ્ત થાય તેવો આ પ્રયત્ન હાથ ધરાયેલો.

## વહીવટી વિભાગ

- સુરત પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવા માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી દ્વારા વિરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લેવામાં આવી નજીકના ભવિષ્યમાં સુરત પ્રા.કેન્દ્ર શરૂ કરવામાં આવનાર છે.
- માહે એપ્રિલ-09 નીચે જાહેરાત દૈનિક પેપરમાં આપવામાં આવેલ.
- CCC Inservice અને CCCPlus ઇન સર્વિસના પ્રવેશની જાહેરાત તા.22-03-2009ના રોજ તા.06-04-2009 સુધીમાં અરજીઓ સ્વીકારવામાં આવેલ.
- અગાઉ પ્રવેશ લીધેલ સરકારી કર્મચારી CCC Inservice અને CCCPlus ની પરીક્ષા તા.09-5-2009ના રોજ યોજવામાં આવી. તા.17-04-2009નો દૈનિક પેપરમાં જાહેરાત આપવામાં આવી.
- બી.એડ્ પ્રવેશ 2009ની જાહેરાત તા.20-04-2009ના દૈનિક પેપરમાં આપી 500 સીટ માટે તા.13-5-2009 સુધી અરજીઓ કરવા જણાવવામાં આવેલ છે.
- વોકેશનલ અને પ્રોફેશનલ કોર્ષની પરીક્ષાનું આયોજન તા.20-05-2009 થી તા.26-05-2009 કરવામાં આવેલ છે.
- ખરીદ સમિતિની મંજૂરીથી કેન્દ્રોને વિદ્યાર્થીના સંપર્કમાં સરળતા/સુગમતા રહે અને વિદ્યાર્થી ફોન દ્વારા પોતાના પ્રશ્ન અંગે માર્ગદર્શન મેળવી શકે તે હેતું મોબાઈલ ફોનની સગવડ કરવા માટે 100 ફોનની ખરીદી કરવામાં આવી. જેના નંબર કેન્દ્રના સામેલ લિસ્ટ મુજબ છે.
- કેન્દ્રોની સગવડતા અને ઉપયોગિતા માટે ટીવી/કોમ્પ્યુટર અને ફર્નિચરની સગવડ કરી કેન્દ્રોને સ્થળ ઉપર પહોંચાડવામાં આવ્યા.
- નવા 90 કોમ્પ્યુટર ખરીદી માટે 2009માં જેની ફાળવણી કરવામાં આવેલ છે. સંબંધકર્તા કેન્દ્રો પર પહોંચાડવામાં આવી દીધેલ છે.

## CCC Plus/CCC In Service વિભાગ :

ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગ ઠરાવ ક્રમાંક : પરચ : 102005 - પાર્ટ - 1-ક, સચિવાલય, ગાંધીનગર, તા. 2-1-09 થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને પરીક્ષા કેન્દ્ર તરીકે માન્યતા મળતાં આ યુનિવર્સિટીમાં અગાઉ પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે Feb અને May 09માં પરીક્ષાનું આયોજન કરેલ આ પરીક્ષાના રીઝલ્ટ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્યાર્થીઓને માર્કશીટ અને સર્ટી. વિદ્યાર્થીના સરનામે મોકલી આપવામાં આવેલ છે.

એપ્રિલ 09ની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. દરેક વિદ્યાર્થીને Confirmation Letter મોકલી આપવામાં આવેલ છે. આ પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની તાલીમ પ્રાપ્ત કરવા માટે સેન્ટરોને પત્રો પાઠવી પ્રમાણપત્ર મોકલવા જણાવવામાં આવેલ છે. એપ્રિલ 09માં પ્રવેશ લીધેલ અને અગાઉ Feb અને May 09 ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે તા.13-6-09ને શનિવારે CCC Inservice તથા તા. 21-6-09ને રવિવારે CCCPlus તથા CCC Inservice થીયરી અને પ્રેક્ટિકલ પરીક્ષાનું જેની જાહેરાત સમાચારપત્રમાં આપવામાં આવેલ અને પરીક્ષા સારી રીતે પૂર્ણ થયેલ છે. તેનું પરીણામ 30-6-09ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

## આ પુસ્તક તમે જોયું ?

**- પ્રો. રમણ સોની**

**(1) પ્રિયદર્શી-ની વિનોદવાર્તા : મધુસૂદન પારેખ**

'ગુજરાત સમાચાર'માં વર્ષોથી 'હું, શાણી ને શકરાભાઈ' નામની કોલમ ચાલે છે એ ખૂબ લોકપ્રિય છે. એના લેખક 'પ્રિયદર્શી' ઉપનામથી લખતા પ્રો. મધુસૂદન પારેખ છે. વિદ્વાન અધ્યાપક તેમજ હાસ્યસાહિત્યના આપણા એક ઉત્તમ સર્જક તરીકે એ જાણીતા છે.

આ કોલમ એક સળંગ પરિવારકથા છે - એમાં આનંદ કે પ્રસન્નતાભર્યો હળવો વિનોદ છે, જે કોઈપણ સંસ્કારી ગુજરાતી પરિવારમાં હોય. એમાં એક પાત્ર છે તિલોત્તમા. વાચકોને બહુ ગમેલું પરિવારપાત્ર. જે જે ખંડમાં તિલોત્તમાં-તિલનું પાત્ર આવતું હોય તેવા ખંડોને સળંગ મૂકીને તૈયાર કરેલી આ એક વિશિષ્ટ નવલકથા છે. નવલકથા કહો, ચરિત્રકથા કહો કે વિનોદરસિક કથા કહો - આ પુસ્તક એકવાર વાંચવાનું શરૂ કર્યું પછી અધૂરું મુકાય એમ નથી. એટલું રસપ્રદ છે. ગુજરાતી સમાજ, સંસ્કૃતિ, માનવસંબંધોમાં રહેલાં હેત-પ્રેત, વિનોદ-કટાક્ષ, સ્વાભાવની લાક્ષણિકતાઓ, વાર્તા રજૂ કરવાની સરળતા અને રસિકતા એ બધું એના ગુણપક્ષે છે.

(ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૨૦૦૯. રૂા.૧૨૦)

**(2) મહાભારત ચરિત્ર વિમર્શ - દર્શના ધોળકિયા**

મહાભારતમાં જાતભાતનાં અનેક ચરિત્રો - પાત્રો છે. મૂળ મહાભારત તો ભાગ્યે જ કેટલાકે વાંચ્યું હોય પણ એ વિશે સાંભળ્યું તો હોય છે. દરેક પાત્ર વિશે અનેક કાવ્યો, વાર્તાઓ લખાયાં છે. 'મહાભારતનાં પાત્રો' એવી, બાળકો માટેની નાનાભાઈ ભટ્ટની એક પુસ્તિકા-શ્રેણી પણ છે.

ઉપરના પુસ્તકમાં તો ચરિત્રોની કથા પણ છે ને એના વિશે લેખિકાના અભિપ્રાયો - અર્થઘટનો પણ છે. ડૉ. દર્શના ધોળકિયા કચ્છ યુનિવર્સિટીમાં ગુજરાતીનાં અધ્યક્ષ છે. એમણે આપણા પ્રાચીન - મધ્યકાલીન સાહિત્ય વિશે ઘણું લખ્યું છે. 'નરસિંહ ચરિત્ર વિમર્શ' નામે સંશોધન પુસ્તક પણ કર્યું છે.

એમણે આ પુસ્તકમાં, મહાભારતમાં કેટલાંક મહત્ત્વનાં પાત્રો લઈને, જીવનના રહસ્યને, એનાં ઊંડાણોને સરળ ને સહજ ભાષામાં આલેખન કર્યું છે. વાર્તા રસ પણ મળે ને એમાંથી સમજ પણ વિકસે એવી બે અસરો આ પુસ્તકની છે.

**(3) શ્રી વિષ્ણુ સહસ્ર નામ - અનુ. અરુણા જાડેજા.**

'વિષ્ણુસહસ્રનામ' (વિષ્ણુનાં હજાર નામ) નો પાઠ તો, કોઈપણ કથા સાંભળનારને હંમેશાં કાને પડ્યો હોય. જેમકે સત્યનારાયણની કથાના આરંભે થતી પૂજામાં. પણ એ એટલું ઝડપથી બોલાતું હોય કે કશું ધ્યાને ન પડતું હોય, સમજાતું ન હોય.

કેટલાક પરિવારોમાં સ્વતંત્ર રીતે પણ વિષ્ણુસહસ્ર નામના પાઠ થતા હોય છે. પણ અર્થ કેટલા સમજે ?

એટલે આપણાં એક મોટાં લેખિકા ને સરસ અનુવાદો કરનાર અરુણાબેન જાડેજાએ સૌને સમજાય એવો આ અનુવાદ કર્યો છે.

પહેલાં તો એમણે મૂળ સંસ્કૃત શ્લોક સંધિ છોડીને છૂટા શબ્દોમાં મૂકી આપ્યો; પછી દરેક દરેક નામના ગુજરાતી અર્થ આપ્યા. સાવ સરળ કરી આપ્યા. મોટા ટાઈપમાં એટલે દરેકને વાંચવું, સમજવું સરળ પડે. ને રસ પડે.

છેલ્લે વળી એમણે મૂળ 'વિષ્ણુ સહસ્રનામ' સંધિ સાથે શ્લોક બંધ મૂકી આપ્યું. આમ ઓછું ભણેલાથી માંડીને સંસ્કૃતના અભ્યાસી સુધીના દરેકને કામ આવે એવું પુસ્તક આપણી સંસ્કૃતિ એવી છે કે એક વિષ્ણુને પણ હજાર નામ છે. ને દરેક નામના કેવા કેવા સભર અર્થો છે ! ભાષાની સમૃદ્ધિનો પણ આપણને પરિચય થાય.

(પ્રકા. લાઈફ મિશન, બહુચરાજી રોડ, વડોદરા-૧૮. ૨૦૦૯. પાનાં ૧૨૮, કિંમત માત્ર રૂા.૨૦)

**(4) ગુજરાતી સાહિત્યકાર પરિચય કોશ - સંપા. કિરીટ શુક્લ**

ગુજરાતીમાં અત્યારે લખતા, હયાત લેખકો 1600 ઉપરાંત છે ! એમનો દરેકનો આ ગ્રંથમાં પરિચય છે. નામ, જન્મતારીખ, વતન, સરનામું, ફોન નંબર, કેટલાં પુસ્તક લખ્યાં, કયાં લખ્યાં, કેવાં પારિતોષિક - એવોર્ડ - ઈનામો મળ્યાં - એ બધુ સંક્ષેપમાં સમાવ્યું છે.

આ ગ્રંથ 823 પાનાંનો છે, કિંમત 240 રૂપિયા છે. આ ગ્રંથ જેની પાસે હોય એને ગુજરાતીના નાના-મોટા બધા સાહિત્યકારોનો પરિચય મળે. અમસ્તા પણ વાંચવાનું ગમે.

વળી આ જ કોશમાંથી માત્ર નામ-સરનામાં-ફોન તારવેલો એક નાનકડો કોશ, 400 પાનાં, નાની સાઈઝ, રૂા.25 કિંમત. એ તો જાણે લેખકોની ડિરેક્ટરી !


(પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૦૯)

## મૌનની મહેફિલમાં

### અછાંદસનું અજવાળું અને ગઝલનો ગુલદસ્તો

પ્રા. હરદ્વાર ગોસ્વામી

[ 'મૌનની મહેફિલ' (કાવ્યસંગ્રહ) નવભારત સાહિત્ય મંદિર, 202, પેલિકન હાઉસ, ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ, આશ્રમ રોડ, અમદાવાદ - 09 ]




બે દાયકાથી પણ વધુ સમયથી શબ્દસેવા કરતા હર્ષ બ્રહ્મભટ્ટના 'એકલતાની ભીડમાં' (1992), 'અંદર દીવાદાંડી' (2002) પછી આ ત્રીજો કાવ્યસંગ્રહ 'મૌનની મહેફિલ' (2009) છે.

'કંદીલ' (1998) અને 'સરગોશી' (2004) એ બે ઉર્દૂ સંગ્રહ પણ હર્ષભાઈના પ્રગટ થઈ ચૂક્યા છે. હર્ષભાઈનો એક પગ ગુજરાતીના પલ્લામાં તો બીજો પગ ઉર્દૂનાં પલ્લામાં છે. બંને પલ્લા સમથળ રાખીને કવિતાનું મત્સ્યવેધન કરે છે. કવિશ્રી રાજેન્દ્ર શુક્લ પણ મારી વાતને હોંકારો ભણે છે.

એમના જ શબ્દોમાં કહું તો... "આ કવિએ રચેલી ઉર્દૂ ગઝલોના પણ બે દીવાન સુપ્રસિદ્ધ છે. ઉર્દૂ ગઝલની પરંપરાગત પરિભાષાથી, એના કલ્પન પ્રતીકોથી સુપેરે પરિચિત તથા ઉર્દૂ ગઝલમાં એના સફળતાપૂર્વક વિનિયોગ કરનાર આ કવિ એની ગુજરાતી ગઝલોમાં એ પરિભાષા તથા પ્રતીક કલ્પનોથી પ્રાય: મુક્ત રહી, ગુજરાતી ગઝલના વર્તમાન પ્રવાહ સાથે આગવું અનુસંધાન રચી સર્વથા પોતીકું ભાવવિશ્વ મૂર્ત કરે છે, તે એક આનંદપ્રેરક અને અચરજભરી ઘટના છે"

આ સંગ્રહમાં ગઝલ જેટલી જ સંખ્યામાં અછાંદસ પણ છે. ઘણા અછાંદસ પાસે અટકવાનું મન થાય છે. સમય, પાનખર, કવિતા, રણ ઈત્યાદિના તો ગુચ્છ છે. જેમાં પ્રકૃતિની લીલા આલેખી છે. કેટલાક વ્યંજનાપૂર્ણ લઘુકાવ્યોમાંથી તો ફરી ફરી પસાર થવાનું મન થાય છે....

થોકબંધ લખાતી રચના અને પોકબંધ કહેવાતી કવિતા સામે કવિનો આક્રોશ ભભૂકી ઊઠે છે..

ક્યાં
જઈને
શું
વાવું
તો
ઊગે
કવિતા ?

કવિના વ્યંગ્ય કાવ્યો પણ ચોટદાર છે. જેનો વિસ્તાર અભિધાથી વ્યંજના સુધી વિસ્તરે છે.

ખાલી રહેવાનું
ખુરશીના સ્વભાવમાં નથી.
કોઈ એકાદને
જાળવી રાખવાનુંયે
ખુરશીના સ્વભાવમાં નથી.

હર્ષ બ્રહ્મભટ્ટને મૂળ મામલો તો ગઝલનો એમનો ગઝલમાં ઉપાડ અને ઉઘાડ અદ્‌ભુત હોય છે. એમની આધુનિક બાનીમાં તાજગી છે. રાજેશ વ્યાસ 'મિસ્કીન'ના શબ્દોમાં કહું તો... "હર્ષ બ્રહ્મભટ્ટ મારા સમકાલીન ગઝલકાર છે એ અર્થમાં અનુઆધુનિક ગઝલકાર છે. ગઝલમાં એમણે ખૂબ જ લાઘવથી ચોટદાર શેર આપવાનું કામ કર્યું છે. તો સામે પક્ષે ખૂબ ઝીણું કહી શકાય તે રીતે ગઝલમાં પ્રયોગની ભૂમિકાઓ અને છંદ પરત્વે કામ કર્યું છે.

"બોલ્યો, "હોય છે", "કામ કરશે", "રક્ષા", "મિત્રો", "લે, લખ ગઝલ", "છોડ મિયાં" ઈત્યાદિ ગઝલ આસ્વાદ્ય છે. સંગ્રહમાં અનેક શેર એવા મળશે, જ્યાં આપણને વિસામો લેવાનું મન થાય છે.

***કેટલા વરસો ગયાં એ ભૂંસવામાં***
***ક્રોધમાં જે શબ્દ હું બે ચાર બોલ્યો.***

❑

સાવ તકલાદી જ લીધા શ્વાસ આખ્ખી જીંદગી, ઝાંઝવા ઉપર કર્યો વિશ્વાસ આખ્ખી જિંદગી મેં જ તો એને સતત ઝંખી હતી. વેદના મારી જીવનસંગી હતી.

❑

**ઈ મેઈલ બ્લેન્ક મોકલું છું હું તને**
**વાંચી શકે તો વાંચ તું ખાલીપણું.**

❑

***મૌનની મહેફિલ અનેરી હોય છે.***
***હું જ શાયર, હું જ શ્રોતા હોઉં છું.***

❑

કાવ્ય સર્જન આ કવિને મન જેવી તેવી વાત નથી. એમના જ શબ્દોમાં કહું તો... "મેં હંમેશાથી માન્યું અને અનુભવ્યું છે કે કોઈપણ કવિતા કે ગઝલની રચનાના મૂળમાં કોઈ ઈશ્વરીય તત્ત્વ રહેલું હોય છે. ગઝલ કે કવિતાની પ્રથમ પંતિ મોટેભાગે તો ઈશ્વરદત્ત જ હોય છે. અને પછીની પંક્તિઓ કે શેર દરેક કવિ પોતાની સજ્જતા કે ક્ષમતા પ્રમાણે કાગળ પર ઉતારે છે. એ પરમ તત્ત્વની પ્રેરણા વગર, માત્ર બુદ્ધિ કૌશલ્યથી કે ક્ષમતાના આધારે કવિતા-ગઝલ લખતાં નથી એમ હું દૃઢપણે માનું છું."

કવિનું છંદ વૈવિધ્ય અને છંદચુસ્તી ધ્યાન ખેંચે છે. કવિનો પ્રિય છંદ રમલ છે. સંગ્રહની ઘણી રચના આ છંદમાં છે.

પ્રથમ દૃષ્ટિએ સીધા સાદા સપાટ લાગતા શેરમાં વ્યંજનાનો વિસ્તાર સધાય છે.

***કરી કાળી મજૂરી સાવ થાકી ગઈ છે ઊંઘીમા,***
**દિવસની જેમ બાળક એકલું રડતું પથારીમાં**

આ કવિએ મક્તાઓ ઓછા લખ્યા છે, જેટલા લખ્યા છે, એમાં એમનું નામ ઓગળી ગયું છે, નામ આગંતુક નથી લાગતુંક નથી લાગતું. જે કવિકર્મની વિશેષતા કહી શકાય.

***વાત બે ના હર્ષની પણ થઈ શકે.***
***સરભરા કરવા જ હરફરમાં રહ્યાં.***

❑

***જ્યાં ટકે શેર હર્ષ છે સઘળું,***
***ત્યાં સુધરવું અને બગડવું શું ?***

❑

***એકેક વાત દર્દની લો હર્ષથી કહી,***
***ખાલીય પણ થયા ને હૃદય પણ ભરી ગયા.***

❑

સંગ્રહમાં કેટલાક અભિધાના સ્તરે ચાલતા શેર ખટકે છે...

*ગંગાકાંઠે બુક્ષિ બગડી*
*મૃગજળ પાછળ ભરમાયા છે.*

જોકે આવા શેરની સંખ્યા ઓછી છે. એક હાઈકુ, એક ગીત કે બે એક મુક્તકો ન મૂક્યા હોત તો ચાલે એવું હતું.

કવિ હર્ષ બ્રહ્મભટ્ટની "મૌનની મહેફિલ"માંથી પસાર થતા ગઝલ ભાવક તરીકે સંતૃપ્તિ થાય છે. ફરી નવા સંગ્રહની પ્રતીક્ષા કરીએ...?

## બદલાતા યુગમાં શિક્ષણનાક્ષેત્રે નૂતન અભિગમો તેમાનું એક દૂરવર્તી શિક્ષણ

**આજના યુવક પાસે સમયનો અભાવ** - અને તેમાંજ વિવિધ ઉદ્દેશોને ઝંખે છે. **માનવજાતની આ જરૂરિયાત ઉદ્દેશોને પાર પાડે છે** - દૂરવર્તી શિક્ષણ જેનું **બીજુ નામ** - **કામકાજની સાથે સાથે ભણતર**

**લોકોને યેનકેન પ્રકારે શિક્ષિત કરવા** - જેને **લોકશિક્ષા** કહેવાય

અને **એ માત્ર ફોર્મલ પદ્ધતિથી જ હોય તે હવે જરૂરી નથી** હવે ફેક્ટરીમાં, ખેતરમાં એસ્ટેટમાં, ઓફિસમાં, ઘરમાં અને એપણ અનુકૂળ સમયે. પરિણામ - દૂરવર્તી શિક્ષણ **ગુરૂ - શિષ્યની વ્યવસ્થા પછીનું માધ્યમ** - એટલે ઉપકરણોનું માધ્યમ જેણે ક્રાંતિકારી ફેરફારો કર્યા - અને હવે - વર્ગખંડોને વિદ્યાર્થીના ઘર સુધી - કાર્યાલયો સુધી - પહોંચાડી દીધી છે.

### શિક્ષણનું સ્વરૂપ-ત્રિદિશા તરફ

(1) ક્ષણેક્ષણે બદલાતી ટેક્નિક અને ઉપગ્રહથી વીડીયો કેમેરા, માઈક્રો કોમ્પ્યુટરથી ઈ-મેઈલ સુધી

(2) ઈલેક્ટ્રોનીક માધ્યમો દ્વારા રીતીગત માધ્યોમાં સમાવેશ

(3) દૂરવર્તી શિક્ષા જે પહેલા એક Traditional Uni. Sysyem ની નકલ હતી. પરંતુ હવે ખરેખર દૂરવર્તી સાબિત થઈ રહ્યુ છે. વ્યવસાયિક અને વ્યવસાયથી જોડાયેલ લોકોને અને સરકારશ્રીને કે વહીવટને ઉપલબ્ધ કરાવી રહ્યું છે.

આ પ્રથા આપણે કઈ રીતે વિદ્યાર્થી સુધી પહોંચાડી શકીએ ? બદલાતાં સમયમાં જે બાબત ગઈકાલથી પ્રભાવશાળી હતી જે આજે નિરર્થક બની ગઈ. જે માધ્યમો મદદરૂપ થતાં રહ્યાં તે આજે પુરાણા બની ચુક્યા છે.

વિજ્ઞાનના નવા આવિષ્કારો હવે શિક્ષણને લોકો સુધી પહોંચાડવામાં મદદરૂપ સાબિત થઈ રહ્યાં છે.રેડિયો ટી.વી. ઉપગ્રહ પ્રસારણ, ટેલિકોન્ફરન્સીંગ, ઈન્ટરનેટ વગેરે સંચાર અને પ્રાયોગિક અર્થાત્ ICT ના આ માધ્યમો પ્રભાવિત રીતે પ્રયોગમાં આવી રહ્યાં છે. પરંતુ જ્યાં સુધી ઉપયોગની વાત છે. આપણે અજ્ઞાનતા - ગ્રામિક કક્ષાએ - રાજનીતિ વગેરે કારણોએ સંપૂર્ણતઃ ઉપયોગ કરી શક્યાં નથી.

ભારતમાં IGNOU એક માત્ર સંસ્થાન છે. જેનું યોગદાન - Pioneer Sansthan - તેના પછી જ અન્ય મુક્ત વિશ્વવિદ્યાલયોના પ્રાણ ફુંકાયા અને આત્મા ધબકતો થયો વિકાસસીલ ભારત જેવા દેશમાં અર્થવ્યવસ્થાને અનુરૂપ - રેડિયો દ્વારા પ્રથમ - One way - than two way communication ઉપલબ્ધ છે.

ટેલિકોન્ફરન્સીંગ દ્વારા આપણે ત્યાં પણ વિદ્યાર્થીઓના કઠિનમાં કઠિન વિષયને પણ રસવર્ધક બનાવી સરળતાથી સમજાવવાનો પ્રયાસ ખરેખર અભિનંદનને પાત્ર છે.

### ઈન્ટરનેટનું મહત્ત્વ

અરે મેક્સીકોમાં તો Institute of Technology ને Virtual Uni. કહેવાય છે. જે પોતાના તમામ કોર્સ સમગ્ર મેક્સીકો અને લેટીન અમેરિકાના દેશોમાં - ઈન્ટરનેટ મારફતે જ ચલાવે છે 1997માં African Virtual Uni. ની સ્થાપના પછી આ વિશ્વ વિદ્યાલય આખા આફ્રિકામાં - ફ્રેંચ અને અંગ્રેજી માધ્યમની મદદથી દૂરવર્તી શિક્ષણ આપી રહ્યું છે.

### ટેલીકોન્ફન્સીંગનો શિક્ષણનો ક્ષેત્રમાં ઉપયોગ

ટેલીકોન્ફન્સીંગનો અર્થ છે એકથી વધુ જગ્યાઓથી વ્યક્તિઓ વચ્ચે ચર્ચાની આપ-લે. ટેલીકોન્ફન્સીંગના ચાર પ્રકાર છે. જે તેના પ્રકાર, કેટલા વ્યક્તિઓ સાથે ટેલીકોન્ફન્સીંગ થવાની છે અને ટેક્નૉલોજીના સ્તર પર આધારિત હોય છે.

(1) ઓડિયો કોન્ફન્સીંગ
(2) ઓડિયોગ્રાફિક કોન્ફન્સીંગ
(3) વીડિયો કોન્ફન્સીંગ
(4) વેબબેસ્ડ કોન્ફન્સીંગ

**(1) ઓડિયો કોન્ફન્સીંગ**

ઓડિયો કોન્ફન્સમાં ચર્ચાઓનું જીવંત આદાન-પ્રદાન થાય છે.

**(2) ઓડિયોગ્રાફિક કોન્ફન્સીંગ**

આ પ્રકારની કોન્ફરન્સમાં ચર્ચાઓની સાથે-સાથે નાના-નાના લખાણ, ડાયોગ્રામ અથવા તો ફોટાઓની પણ આપ-લે થતી હોય છે.

**(3) વીડિયો કોન્ફન્સીંગ**

વીડિયો કોન્ફન્સીંગમાં ચિત્રો અને નાની ફિલ્મોની સાથે-સાથે ચર્ચાઓની આપ-લે થાય છે અને આનું ઉપગ્રહની સાથે જોડાણ હોવાથી તેનું ટેલીવિઝન પ્રસારણ દ્વારા પ્રસારણ થાય છે. આમાં ટેલીફોન લાઈનનો ઉપયોગ કરવામાં આવતો નથી.

**(4) વેબબેસ્ડ કોન્ફન્સીંગ**

આમાં ઈન્ટરનેટના માધ્યમથી ચર્ચાઓની આપ-લે થતી હોય છે. આના માટે કોમપ્યુટરની સાથે-સાથે ઈન્ટરનેટ પણ હોવું જરૂરી છે.

સાઉથ કોરિયામાં વિશ્વ વિદ્યાલય કોમ્પ્યુટરનો ઉપયોગ શિક્ષણના ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં કરે છે. લગભગ 15 વિશ્વ વિદ્યાલય સાઉથ કોરિયામાં એવા છે જેમાં ફક્ત ICT આધારિત કોર્સો જ ચલાવે છે. કોરિયા સાર્બર યુનિવર્સિટી, કોરિયા ડિઝીટલ યુનિવર્સિટી અને ઓપન સાર્બર યુનિવર્સિટી આમાની એક છે.

વિશ્વ વિદ્યાલયોની બિનજરૂરી સ્પર્ધાથી બચવા માટે પોતાનું આગવું અનુસંદાન છે. જે આજીવન શિક્ષણ અને વ્યવસાયિક શિક્ષણ ઉપર આધારિત છે. દા.ત. આહવા વુમન્સ યુનિવર્સિટી, ભાષા, ઈ-લર્નીંગ, નશાબંદી, ટીચર ટ્રેનિંગ, મહિલા શિક્ષણ એમાનું એક છે. સાઉથ કોરિયામાં (Virtual University) ની સ્થાપના ત્યાની સરકાર દ્વારા એક સફળ યોજનાનું ઉદાહરણ છે. સાઉથ કોરિયા Virtual University ની સ્થાપના 1998માં નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી (1) ખૂબ જ ઓછો ખર્ચ આવે છે. (2) વેબ આધારિત કોર્સનો ઉપયોગ થાય છે. (3) Virtual Universityની અલગ અલગ કાર્ય પદ્ધતિ છે. અને (4) ટ્રાયલ સમયે અનુભવોની આપ-લે ને અવકાશ રહે છે.

હમણા પણ ત્યા શિક્ષણની ગુણવત્તા ઉપર ધ્યાન આપીને નવા-નવા પ્રયોગો હાથ ધરવામાં આવે છે. અને તે સફળ પણ થાય છે. પ્રૌઢ શિક્ષણના લાભાર્થીઓ તેનો મોટો પ્રમાણમાં લાભ ઉઠાવે છે.

આપણે ત્યાં પણ જ્ઞાનદર્શન 24 કલાક ચેનલ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ આપી વિદ્યાર્થીઓને ઘણો લાભ પહોંચાડે છે. વિડીયો સર્વર સાથે તેને જોડીને વધારે પડતો લાભદાયક બની ગયેલ છે.

રેડિયોના માધ્યમથી જ્ઞાનવાણી પણ તેનું એક ઉદાહરણ છે. જેનું પ્રસારણ ગ્રામ્ય અને અંતરીયાણ વિસ્તારોની સાથે-સાથે શહેરોમાં પણ તેનો ઉપયોગ સફળતાપૂર્વક થઈ રહ્યો છે. જ્ઞાનવાણીમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

(1) સર્વશિક્ષણ અભિયાન

(2) પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ

(3) પ્રૌઢો માટે ટેક્નિકલ તેમજ વ્યવસાયિકલક્ષી શિક્ષણ

(4) ઉચ્ચતર દૂરવર્તી શિક્ષણ

**એજ્યુશેડ**

એજ્યુશેડ એક ઉપગ્રહ આધારિત શિક્ષણ પ્રસારણ પદ્ધતિ છે. જેને ઈન્ટરનેટથી જોડીને પ્રસારણ કરવામાં આવે છે.

**રાજીવગાંધી પ્રોજેક્ટ**

શાળાકીય શિક્ષણના ક્ષેત્રમાં આ પ્રોજેક્ટનું ઘણુ મોટુ યોગદાન છે. જેને ડિસેમ્બર-2005માં માનવ સંશાધન વિકાસ મંત્રીશ્રી માનવીય અર્જુનસિંહજીએ દેશને સમર્પિત કર્યું.

આ એક મીલી-જૂલી યોજના છે. એમ.એચ.આર.ડી., ઈસરો, ઈગ્નો અને મધ્યપ્રદેશ, બિહાર છત્તીસગઢ, ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારો વચ્ચે સમન્વય દ્વારા Teaching End ના સાથે Sub-Hub જબલપુરમાં સ્થાપિત કરવામાં આવેલ છે. જેમાં 850 શાળાઓ-મધ્યપ્રદેશની સીધી જીલ્લામાં અને 50 શાળાઓને સોનભદ્રા ઉત્તરપ્રદેશ, કોરિયા-છત્તીસગઢ અને વૈશાલી બિહાર સાતે જોડવામાં આવેલ છે.

**CD Rom**

ઈગ્નો દ્વારા જુદા-જુદા વિષયની અભ્યાસ સામગ્રી સીડી દ્વારા વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરવામાં આવે છે. જેમાં ઉત્તમ ગુણવત્તાની સાથેસાથે અભ્યાસમાં વધુ સરળ રહે છે.

આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી વિદ્યાર્થીઓને આસાનીથી દરે બાબતોને સમજવામાં અને ગ્રહણ કરવામાં અને શિક્ષણ પ્રાપ્તિ માટે ઘણુ સરળ રહે છે. જેથી Role Playing માધ્યમથી શિક્ષણ પ્રાપ્તિને આવશ્યક અંગ બની ગયેલ છે. જેનો વિદ્યાર્થીઓ સરળતાથી ઉપયોગ કરી શકે છે.

**Conclusion**

વૈધિક અને દૂરવર્તી શિક્ષણ સંસ્થાઓમાં એક એવી ભાગીદારીની જરૂરિયાત છે કે જેના દ્વારા શિક્ષણ માટે આવનાર વિદ્યાર્થી બીજી જગ્યા ઉપર સરળતાથી પ્રવેશ મેળવી શકે.

આગામી 21મી સદીમાં વધી રહેલ વસ્તી ધ્યાને લેતા આગામી જનરેશનને માનવ સંશોધનો શિક્ષણના સ્ત્રોત મારફતે પૂરા પાડી શકીશું ? ફીઝીકલ રીસોર્સીસ તો ધરતી પેદા કરશે પરંતુ ઈન્ટેલકેસ્યુલ્સનો શુન્યાવકાસ જે સર્જાશે તેનો સપ્લાય પૂરો પાડવા આપણી Formal University ના સ્ત્રોત હવે ઓછામાં લાગે છે હવે વિવિધ ટેક્નૉલોજીની ટેકનિક્સે વિશ્વમાં દૂરવર્તી શિક્ષણ પ્રથાને શિખરના સ્થાને પહોંચાડવા ગતિ પકડી લીધી છે. Assess Quantity અને રીસોર્સની દરેક ઉણપો સમકક્ષ તકો ઊભી કરી કરીને -

Equality of Opportunities - ગમે તે સમયે - ગમે તે સ્થળે - નિયત સમય દરમ્યાન - આપના દ્વારે બદલાતા વિશ્વની, બદલાતી જરૂરિયાતો અનુસાર - વિકાસ - દૂરવર્તી શિક્ષણના ક્ષેત્રમાં (આગળના વક્તાઓ દ્વારા) જે વિવિધ સહાયરૂપ થવાની પણાની ભૂમિકાઓ જે પાયાની જરૂરિયાતો છે. તેમ હવે આ શિક્ષણ દ્વારા તેનો ઓપ એવી રીતે આપવામાં આવ્યો છે - To Serve as an agent of social change - To Assist the learner in realizing the professional Advancement, Psychological Satisfaction અને પરિણામે અભ્યાસ કરનારને Quality of life ના સામાન્ય વિકાસની તક મળે છે. 1982ની આંધ્ર ઓપન યુનિ. પછી તુરત રાષ્ટ્રિય મુક્ત વિશ્વ વિદ્યાલય IGNOU અને સંસદના ખરડા અનુસાર દરેક રાજ્યમાં Region ની સ્થાનીક ભાષામાં ઓપન યુનિવર્સિટીની સ્થાપનાઓ જે એક ઐતિહાસિક નિર્ણય છે. જેને પરિણામરૂપે પરિપક્વ યુવાધનને પરિપક્વ કરવુ છે તો જેણે અભ્યાસ છોડ્યો છે જે કારકીર્દી ઝંકે છે તેને જેટલી સક્ષમ થવા તકો મળશે તેમજ આધુનિક ટેક્નૉલોજીનો મહત્તમ ઉપયોગ થશે તેટલો જ લાભ વિદ્યાર્થીઓને, સમાજને અને દેશને પણ થશે તેમાં કોઈ બે મત નથી. Traditional Class Room Books ની જગ્યા Super Highway/Express way - Virtual class room બનશે. મિડીયા અને ટેક્નૉલોજીનો મહત્તમ ઉપયોગ થશે જે Support Services નું સ્થાન લેશે. મુક્ત વિશ્વ વિદ્યાલયમાં દાખલ થનારા પરિપક્વ હોય છે. કંઈક કરવું છે તો જોડાય છે. ફરવું છે તે ફોર્મલમાં ફોર્મ બનાવે છે. સ્વેચ્છાએ સ્વીકારનારા જ કારકિર્દી ઝંખે છે.

ભાવિ શિક્ષણનો નૂતન અભિગમ રંગ-રૂપ-ઓપ Information Technology દ્વારા જ બદલાઈ શકશે To Prepare People for life in an Information Society, They need to be taught with technology of an information society...

Teachers-Trainers-Educators ચિંતિત રહે છે કે Media અને Technology નો બદલાતા જમાનામાં કેવી રીતે Inspiration મળશે ? દૂરવર્તી શિક્ષણમાં આસ્થા રાખનારને આપોઆપ સભાનતાપૂર્વક Inspiration મળી રહેશે.

વિશ્વની સામે ગંભીર પડકારો વસ્તી-પોલ્યુશન-એન્વાર્યમેન્ટ-ઉર્જા-અછત પરંતુ Globle Thinking/Globle Action જે આપણને Virtual Class Room અને Border Class Community માટે સહાયક બની રહેશે આધુનિક ટેક્નૉલોજી Inherently સારૂ કે ખરાબ શિક્ષણ નથી પરંતુ શિક્ષકો/અધ્યાપકો વહીવટકર્તાઓ તેનો ઉપયોગ કેવી રીતે કરે છે તે મહત્ત્વનું છે. આપણે ક્રાઈટેરીયા નક્કી કરવા માટે ચોક્કસ નિર્ણય પર પહોંચવા Discion making process માટે Actions મોડેલને સમજવું પડશે.

- Access : How accessible is a particular technology for learners ?
- (કોઈ પણ ટેક્નોલોજી દ્વારા શિખનાર સુધી કેવી રીતે જઈ શકે ?)
- (Costs: What is the cost structure of each technology ?
- (દરેક ટેક્નોલોજી સ્થાપનાની કિંમત કેટલી ?)
- (Teaching Functions: What are the best teaching applications for this technology ?
- (કઈ શિક્ષણ પદ્ધતિ સૌથી સારી ટેક્નોલોજી છે ?)
- (Interactivity and user friendliness : how easy is it ot use ?
- (એનો ઉપયોગ કેટલો સરળ છે ?)
- (Organizational issues: What changes in organization need to be made ?
- (કોઈપણ સંસ્થામાં શું ફેરફાર જરૂરી છે ?)
- (Novelty : How new is this technology ?)
- (ટેક્નોલોજી કેટલી આધુનિકતામાં છે ?)
- (Speed : how quickly can courses be mounted with this technology ?)
- (ટેક્નોલોજી સાથે અભ્યાસ કેટલી જલ્દી પૂર્ણ થઈ શકે ?) print, Radio, Telephone Teaching ઉપરાંત

હવે ગુજરાતમાં SATODL દ્વારા કાર્યરત છે.

**Changes in Three Directions** : આજે શિક્ષણનું સ્વરૂપ બદલાયુ છે. આ સ્વરૂપે ત્રણ દિશામાં જોઈ શકીએ છીએ પહેલુ દરેક પળે બદલાતી ટેક્નોલોજી, ઉપગ્રહથી લઈ વિડીયો કેમેરા, માઈક્રોકોમ્પ્યુટર અને ઈ-મેઈલ

- બીજુ ઈલેક્ટ્રોનીક માધ્યમ અને વૈધિક માધ્યમનો સમાવશે
- ત્રીજુ જેવું કે એક દૂરવર્તી શિક્ષણ જોકે વૈધિક વિદ્યાપીઠની રીતે નકલ હતી જે આજે વિશિષ્ટ સ્તર પર કામ કરી રહેલ છે. જેવી કે ટેક્નીકલ જે વ્યાવસાયિક અને વ્યવસાય સાથે જોડાયેલ લોકો અને સરકારની સેવાઓ ઉપલબ્ધ કરાવી રહી છે.

Countrywide Class Room Patterns

Statewide Class Room Patterns

(પોતાની શૈક્ષણિક ચેનલો જેમાં સ્વેચ્છાએ કોઈપણ જોડાઈ શકે છે.)

- હવે લોકોની પહેલી પસંદગી બનશે
- જ્યારે ટેક્નોલોજીનો Systematic ઉપયોગ થ

તો આપણા મુક્ત વિશ્વ વિદ્યાલયોના કેન્દ્રોને સુસજ્જ કર્યા સિવાય છુટકો નથી. પાશ્ચાત્ય દેશોની સરખામણીએ આપણે બાલ્યાવસ્થામાં છીએ. કારણ We are lacking behind popularity - તેને લોકપ્રિય બનાવી શકતા નથી. Lack of Approach to Electronic Media in Rural India તેમ છતાં વિદ્યાર્થીને ઉત્તમ પ્રિન્ટ સાહિત્ય પહોંચતું કરાવી રહ્યા છીએ. ઉપરાંત ટેલી કોન્ફરસીંગ સીસ્ટમ - VCD - દ્વારા ટીવી ચેનલો જ્ઞાનદર્શન જ્ઞાનવાણી દ્વારા લાભ પહોંચી રહ્યો છે. આ અનુસંધાને 2003 માં માંચેસ્ટર યુનિ. ખાતે મે પેપર રજુ કરેલ તેનો વિષય હતો.

Intergrating Learning Technology, Practice Policy & Partnership

જેમાં આ ટેકનોલોજીને પ્રેક્ટીસમાં મૂકવા, ચોક્કસ નીતિ-પોલીસી-ઘડી કાઢી - સરકાર કે બ્રોડકાસ્ટીંગ એજન્સી અને સ્વૈચ્છીક સંગઠનો સાથે એચ.ઓ.યુ. દ્વારા ભાગીદારી કે Partnership ઉભી Collaborative ઉદ્દેશ સાથે - સહકાર કેળવી સફળતા મેળવી શકાય.

આ માધ્યમોનો ઉપયોગ આપણે ત્યાં જોઈએ તેટલો થયો નથી કારણો અગાઉ આપણે જોયા છે. જેમાનું મુખ્ય એક આ ક્ષેત્રે literacy અને Technology Shy Attitude આ ટકનીકથી દૂર રહેનાર લોકો આ ઉપકરણોની સફળતા માટે મારા મતે

(1) મોટા ભાગના અભ્યાસક્રમો માટે - કાઉન્સેલીંગ - ટેલીકોન્ફરન્સીંગ દ્વારા જ થવા જોઈએ.

(2) વિદ્યાર્થીઓની આમાં ગેરહાજરીને - કાં તો આંતરિક સ્વાધ્યાય કાર્ય - રજુ કરેલ હોય તો Waitage 30%ને બદલે 10%નું જ મળશે. તેવું જણાવવું.

(3) વિદ્યાર્થીઓનું વધુ આકર્ષવા અને ટેક્નોલોજીને વધુ અસરકારક બનાવવા થોડા કડક નિયમો બનાવવા જ પડશે. જેમાં વિદ્યાર્થી માટે યુનિવર્સિટી નાનો-સુનો ખર્ચ કરતી નથી.

(4) સાથે અભ્યાસ કેન્દ્રોને માત્ર-ડીશ-ટીવી-એન્ટેના આપી દેવાથી સંતોષ મનાવાને બદલે તેનો સાર-સંભાળ દેખરેખ માટે નિયમિત પગારથી એક જાણકાર વ્યક્તિની નિમણૂક થવી જોઈએ. સુસજ્જ અભ્યાસ કેન્દ્ર રહેશે તો તાલીમાર્થીની માંગને વધુ પ્રભાવી રીતે સંતોષી શકાશે.

(5) આપણે હવે Computer Literacy ના IGNOU અભ્યાસક્રમમાંથી તેમજ સ્વરાજનો ફરજિયાત વિષય છે તેમ Computer Literacy ને ફરજીયાત કરવાની તાતી જરૂરત છે. અંતમાં હું એટલુ કહીશ કે આપણી પાસે સાધનો ખૂબ જ છે. પરંતુ જરૂરત છે ફક્ત પ્રભાવી રીતે તેનો ઉપયોગ કરવાની કળાને જાગૃત કરવાની અને આ બાબતે જેટલાં પણ સખ્તમાં સખ્ત પગલાં ભરવા પડે તે માટે ખચકાવવાની જરૂર નથી અને આ થશે તો જ આપણે 21 સદીમાં એક સફળ શિક્ષાવિદ બની શકીશં.

જે. એસ. સૈયદ
સંયોજક (કોડ. 1101, ભરૂચ)

## પરિસંવાદ ❑ વક્તવ્ય ❑ પ્રતિનિધિત્વ

- **ગુજરાતીના પ્રોફેસર અને માનવ વિદ્યાઓના નિયામક પ્રો. રમણ સોનીએ –**

– 23મી ફેબ્રુઆરીએ ભુજ મુકામે 'ડૉ. જયંત ખત્રી સ્મૃતિ ટ્રસ્ટ'ના ઉપક્રમે વાર્તાકાર જયંત ખત્રી વિશે વક્તવ્ય કર્યું.

– 24મી ફેબ્રુઆરીએ કચ્છ યુનિવર્સિટી, ભુજના ગુજરાતી વિભાગમાં એમ.ફીલ.ના વિદ્યાર્થીઓ સમક્ષ 'સંશોધનનું સ્વરૂપ અને પ્રક્રિયા' વિશે વ્યાખ્યાનો આપ્યાં.

– 14-15 માર્ચના દિવસોમાં, અમદાવાદમાં યોજાયેલા સાહિત્ય અકાદમી (દિલ્હી) આયોજિત પરિસંવાદ 'હિંદ સ્વરાજ - શતાબ્દી પરિસંવાદ'નું સંયોજન કર્યું અને ભૂમિકારૂપ વક્તવ્ય આપ્યું.

– 20 માર્ચના દિવસે, ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત, 'સૂચિ : આવશ્યકતા અને ઉપયોગિતા' વિશેની સમૂહ-ગોષ્ઠિમાં, પહેલી બેઠકમાં પ્રારંભિક વક્તવ્ય આપ્યું.

– 12મી મેથી પાંચ દિવસ સુધી, ડૉ. આંબેડકર યુનિવર્સિટીના અધ્યાપકો સામે પ્રૂફવાચન, લેખન કૌશલ, મુદ્રણપ્રત વિશે એક-એક કલાકનાં પાંચ વક્તવ્યો કર્યાં.

- 23મી જૂન, ગુજરાત યુનિવર્સિટી ખાતેની એકેડેમિક સ્ટાફ કોલેજમાં, અધ્યાપક કાર્યશિબિરમાં 'ગુજરાતીનું પ્રત્યક્ષ વિવેચન' તથા ભગવાનદાસ પટેલની આત્મકથા 'મારી લોકયાત્રા' વિશે વ્યાખ્યાનો આપ્યાં.

**હરદ્વાર ગોસ્વામી (વ્યા. ગુજરાતી)**

તા.27-3-09ના રોજ સ્પોર્ટસ ક્લબમાં "ગુલમ્હોર ગીત ગઝલનો" કાર્યક્રમનું એંકરિંગ.

•

તા.13-2-08ના રોજ ગુજરાત ન્યૂઝ ચેનલમાં "મા" કાર્યક્રમમાં માતૃમહિમાની અભિવ્યક્તિ

•

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર આયોજિત ગીત-શિબિરમાં તા.14-2-09ના રોજ વક્તા તરીકે હાજર.

•

તા.20-4-04ના રોજ અમદાવાદ દૂરદર્શન પરથી "સાહિત્ય સરવાણી" કાર્યક્રમમાં સાહિત્ય સર્જક તરીકે મુલાકાત પ્રસારિત થઈ.

•

તા.7-2-09ના રોજ અમદાવાદ દૂરદર્શન પરથી હોળી સોશિયલ કવિસંમેલનમાં કવિ તરીકે ઉપસ્થિત.

•

તા.7-3-09ના રોજ એચ.આર. પટેલ કૉલેજના "પૌરાણિક પાત્રો : આજના પરિપ્રેક્ષ્ય" સેમિનારમાં પ્રથમ બેઠકનું સંચાલન

•

તા.8-9 એપ્રિલના રોજ મહુવા મુકામે પૂ.મોરારિબાપુ પ્રેરિત સાહિત્યિક પર્વ "અસ્મિતા પર્વ"માં સહભાવક તરીકે.

•

ગુજરાત કેળવણી ટ્રસ્ટની સંસ્થામાં સ્પે. બી. ઍડ. ના સ્ટુડન્ટ પાસે "વાચનકળા" વિશે વક્તવ્ય.

**ડૉ. દક્ષા ઠાકર (રીડર)**

THE INDIAN ASSOCIATION OF THE EXPERIMENT IN INTERNAONAL LIVING AHMEDABAD CENTRE નાં ઉપક્રમે આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવેલ.

તેમજ ગુજરાત કેળવણી ટ્રસ્ટ તથા ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સેમીનારમાં "માનસિક ક્ષતિના વયસ્કો માટેની સમાજમાં ઉપલબ્ધ સેવાઓ : જરૂરિયાતોનો વિકાસ" એ વિષય પર વ્યાખ્યાન આપેલ.

તા.18-04-09ના રોજ "સ્ત્રી અને સમાજ" પર રાજકોટ ખાતે વ્યાખ્યાન આપેલ.

## DELL Project

રાજ્ય સરકારીની ગ્રાંટ મળતા સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત શરૂ થયેલ ડિજિટલ ઇંગ્લિશ લેંગ્વેજ લેબ (DELL) માં વર્ષ 2008-09માં મંજૂર થયેલ 139 કોલેજમાં વધુ 24 કોલેજનો સમાવેશ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

1. શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટ્સ કોમર્સ કોલેજ, પ્રાંતિજ, સા.કા.
2. કાંકરેજ આર્ટ્સ કોમર્સ કોલેજ, થરા, જિ. બનાસકાંઠા
3. શ્રીમતી એસ.બી. આર્ટ્સ એન.આર.એમ.અમીન કોમર્સ કોલેજ, વસો, જિ. ખેડા.
4. આર્ટ્સ કોમર્સ કોલેજ, ઓલપાડ, જિ.સુરત
5. શ્રીમતી આર.ડી.શાહ આર્ટ્સ અને શ્રીમતી વી.ડી.શાહ, કોમર્સ કોલેજ, ધોળકા, જિ. અમદાવાદ.
6. શ્રી કિસનદાસ કિકાણી આર્ટ્સ કોમર્સ કોલેજ, ધંધુકા જિ. અમદાવાદ.
7. શ્રીમતી એચ.સી પટેલ આર્ટ્સ કોમર્સ કોલેજ, મીયાગામ કરજણ જિ. વડોદરા.
8. શ્રીમતી જે.સી. ઘાણક આર્ટ્સ કોમર્સ કોલેજ, બગસરા, જિ. અમરેલી.
9. માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી.
10. મહિલા આર્ટ્સ કોલેજ, ઉના, જિ. જૂનાગઢ
11. એમ.પી.વોરા કોમર્સ કોલેજ, વઢવાણ સીટી, જિ. સુરેન્દ્રનગર
12. બી.આર.એસ. કોલેજ, ભીયાણી જિ. રાજકોટ
13. મ્યુનિ. આર્ટ્સ કોમર્સ અને હો. સા. મહિલા કોલેજ, ગોંડલ, જિ. રાજકોટ
14. શારદાપીઠ આર્ટ્સ-કોમર્સ એન્ડ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારકા, જિ. જામનગર.
15. એસ.એમ. જે આર્ટ્સ - કોમર્સ કોલેજ, કુતીયાણી જિ. પોરબંદર
16. શ્રીમતી એમ.એમ. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી, જિ. મહેસાણા
17. સૈફી જ્યુબીલી આર્ટ્સ - કોમર્સ કોલેજ, સિદ્ધપુર, જિ. પાટણ
18. એમ. એન. ગાંધી આર્ટ્સ-કોમર્સ કોલેજ, કલોલ, જિ. પંચમહાલ
19. આર્ટ્સ કોમર્સ કોલેજ, સરભણ, જિ. ભરૂચ
20. શ્રી જે. વી. ઠક્કર કોમર્સ કોલેજ, ભૂજ, જિ. કચ્છ
21. શ્રી એચ. એમ. વી. આર્ટ્સ-કોમર્સ કોલેજ, ઉના, જિ. જૂનાગઢ
22. શ્રી એચ.એલ.પટેલ આર્ટ્સ-કોમર્સ કોલેજ, ભાયાવદર, જિ. રાજકોટ
23. ખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા
24. ટી.એમ.શાહ મહિલા આર્ટ્સ કોલેજ, ઈડર, જિ. સાબરકાંઠા

આ પ્રોજેક્ટ સંબંધી વધુ માહિતી માટે સંપર્ક કુ. સુરભિ એ. ભપલ (baouell@Email.com, 9375367019)

# NAAC

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા GSQAC નોડલ સેલ તરીકે ફરજ બજાવે છે. તેથી 31-12-08 સુધી યુનિવર્સિટી સંલગ્ન કૉલેજની NAAC એક્રેડિટેશન થયેલ હોય તેના સ્ટેટસ રિપોર્ટ મંગાવેલ છે. જેમા પાંચ યુનિવર્સિટીઓની માહિતી નીચે મુજબ છે.

## Accreditation Status Report

| Sr. No. | Category of Colleges | Total No. | No.of College Eligible for Accredation | Already Accredited tted by 31-12-08 | No.of Colleges S.S.R. Submitted by 31-12-08 | No.of College Preparing S.S.R. | No.of Colleges Declered Not eligible NAAC |
|---|---|---|---|---|---|---|---|
| **1.** | **Gujarat Unversity** | | | | | | |
| 1) | Government College | 12 | 7 | 1 | 3 | 2 | 1 |
| 2) | Self-Finance College | 129 | 30 | 6 | 1 | 4 | – |
| 3) | Grant in Aid Colleges | 135 | 135 | 60 | 29 | 29 | 3 |
| **II** | **Bhavnagar University** | | | | | | |
| 1) | Government Colleges | - | 02 | Nill | Nill | Nill | Nill |
| 2) | Self Finance Colleges | 23 | 13 | Nill | 01 | 10 | 01 (Not Applied) |
| 3) | Grant in aid Colleges | - | 14 | -05 | -07 | 01 | 01 01 |
| **III** | **Veer Narmad South Gujarat University, Surat** | | | | | | |
| 1) | government | 18 | - | - | - | 05 | 13 |
| 2) | Self Finance Colleges | 129 | - | - | 02 | 13 | 78 |
| 3) | Gramt in aid Colleges | 60 | - | 18 | 05 | 22 | 10 |
| **IV** | **Saurashtra University, Rajkot** | | | | | | |
| 1) | Government College | 08 | 08 | 04 | 02 | - | 02 |
| 2) | Self-Finance College | 33 | 33 | 04 | 05 | 20 | 04 |
| 3) | Grant in Aid Colleges | 86 | 86 | 56 | 12 | 16 | 01 |
| **V** | **K.S.K.V. Kachchh University, Bhuj** | | | | | | |
| 1) | Government College | 02 | 02 | 01 | - | - | 01 (Not Applied) |
| 2) | Self-Finance College | 23 | 02 | 01 | - | 01 | 21 |
| 3) | Grant in Aid Colleges | 07 | 07 | 03 | - | 03 | - |

## યુનિ. દ્વારા પ્રકાશિત કાવ્યસંગ્રહ માટે કાવ્ય મોકલવા ઈજન

શિક્ષણ પ્રસારની સાથે સાથે સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો વિસ્તાર ઝંખતી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે સંલગ્ન શિક્ષક, વિદ્યાર્થી, કેન્દ્ર સંયોજક, પરામર્શક ઈત્યાદિ કવિઓનો એક કાવ્ય સંગ્રહ પ્રકાશિત કરવા વિચાર્યું છે. સૌ સર્જકોને કૃતિ મોકલવા ઈજન છે.

આ કાવ્યસંગ્રહનું સંપાદન કવિશ્રી હરદ્વાર ગોસ્વામી કરશે. પ્રો. રમણ સોની (નિયામક : માનવવિદ્યાઓ) ના માર્ગદર્શનમાં પ્રકાશન થશે. સૌ કવિઓને કાવ્ય તા.30-6-09 સુધીમાં પ્રા. હરદ્વાર ગોસ્વામીને મોકલવા જણાવાયું છે.

## નવો ચાલુ થનાર અભ્યાસક્રમ બેચરલ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ (BLIS)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણ પદ્ધતિથી ના સત્રથી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિશારદ (બેચરલ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફરમેશ સાયન્સનો) અભ્યાસક્રમ ચાલુ કરવામાં આવે છે પ્રવેશ જાહેરાત જુલાઈ માસમાં આપવામાં આવશે.

## હસ્તપ્રતવિદ્યા અને લિપિવાચન અભ્યાસક્રમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીનો, તા.9મી જુલાઈથી, ત્રણ સપ્તાહ માટેનો 'હસ્તપ્રત વાચન' અંગેનો એક અભ્યાસક્રમ ભારતીય વિદ્યામંદિર (એલ.ડી.ઈન્ડોલોજી) અમદાવાદ ખાતે શરૂ થશે.

આ અંગે અમદાવાદની તમામ કોલેજો, યુનિવર્સિટીઓ, ભવનોના અધ્યક્ષોને એક પરિપત્ર પાઠવવામાં આવેલ છે.

હાલ આ અભ્યાસક્રમ અમદાવાદના તાલીમાર્થીઓ માટે રહેશે. એ પછી એને ગુજરાતમાં ખુલ્લો મુકાશે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીનાં નવા પ્રકાશનો

ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીની **માનવવિદ્યાઓ અને સામાજિક વિજ્ઞાનો અધ્યયનશાળા** દ્વારા અને પ્રેરિત નવાં પ્રકાશનો આ મુજબ છે :

- પ્રકાશિત :

1. યુનિવર્સિટી જર્નલ વિમર્શનું પ્રકાશન 2009ના આરંભે થયું હતું એની નોંધ 'જ્ઞાનગંગા'ના ગયા અંકમાં આપેલી.

2. **સમન્વિતિ :** વિમર્શ-અંતર્ગત લેખોનું ગ્રંથ રૂપ પાનાં-254, પાકું પૂઠું, ફોર કલર ટાઈટલ, કિં. **170**, સંપાદક : **રમણ સોની**, પ્રોફેસર અને નિયામક, માનવવિદ્યાઓ, પ્રકાશન સમય : જૂન 2009

- હવે તરત પ્રકાશિત થશે :

3. **ડૉ. બાબાસાહેબ આંબેડકર સંચય : સંપાદકો : શ્રી કિશોર મકવાણા, ડૉ. પી. જી. જ્યોતિકર, શ્રી દિલીપ કાતરિયા, પરામર્શન-રમણ સોની.** લગભગ 250 પૃષ્ઠના આ ગ્રંથમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં ધર્મ, તત્ત્વચિંતન, સમાજ, શિક્ષણ, રાજનીતિ વિષયો પરના અસંખ્ય લખાણોમાંથી તેમ જ એમનાં પ્રવચનો અને પત્રોમાંથી, એના અભ્યાસીઓએ સંપાદિત કરેલાં ઉત્તમ લખાણોનો મહત્ત્વનો સંચય.

4. મૅનેજમેન્ટ પરિસંવાદ ગ્રંથ : યુનિવર્સિટી દ્વારા યોજાયેલા પરિસંવાદના ગુજરાતી તેમ જ અંગ્રેજી વક્તવ્ય લેખોનો સંપાદિત ગ્રંથ. સંપાદન કાર્ય યુનિવર્સિટીના મૅનેજમેન્ટ વિષયના વ્યાખ્યાતા **ડૉ. ધવલ પંડ્યા** તથા અન્ય સાથી અધ્યાપકો. પ્રકાશન માર્ગદર્શન **પ્રો. રમણ સોની**, નિયામક માનવવિદ્યાઓ.

5. **1857નો સ્વાતંત્ર્ય સંગ્રામ : એક પુનરવલોકન :** યુનિવર્સિટીએ 2007-08 દરમ્યાન યોજેલા પરિસંવાદનાં, વિવિધ પ્રદેશોમાં સ્વાતંત્ર્ય સંગ્રામનું કેવું સ્વરૂપ હતું ને કેવી અસરો હતી, એનું આલેખન કરતા, વિદ્વાન અભ્યાસીઓના લેખોનું સંપાદન. સંપાદન કાર્ય ઈતિહાસ વિષયના વ્યાખ્યાતા **શ્રી દિલીપ કાતરિયા** તથા સાથી અધ્યાપક મિત્રોએ કર્યું. સંપાદન માર્ગદર્શન - **પ્રો. રમણ સોની.**

   ઈતિહાસના અભ્યાસીઓ તેમ જ વિદ્યાર્થીઓ માટે એક મહત્ત્વના સંદર્ભગ્રંથની ગરજ સારે એવો ગ્રંથ.

6. મહિલા સશક્તિકરણ : લેખ સંચય : એ વિષય પર યોજાયેલાં પરિસંવાદનાં વક્તવ્યો તથા સંલગ્ન લેખો : કુલ 8 લેખો.

   મહિલા જાગૃતિ પ્રવૃત્તિ, નારી વાદી સંદર્ભને લઈને નવા વિચારોને વ્યક્ત કરતાં વ્યાખ્યાનોનો સંચય.

   સંપાદન યુનિવર્સિટીના વ્યાખ્યાતા **ડૉ. ધવલ પંડ્યા**

અને સાથી અધ્યાપકો. સંપાદન માર્ગદર્શન **પ્રો. રમણ સોની.**

7. **ગુજરાતી શીખો :** ઑન લાઈન ગુજરાતી. યુનિવર્સિટીનો એક પ્રોજેક્ટ, ગુજરાતી ભાષા શીખવા ઈચ્છનાર દેશ-વિદેશના ઉત્સુકો માટે દશ્ય-કાવ્ય શિક્ષણ-તાલીમની એક શ્રેણી રચવાનો હતો. **ગુજરાત યુનિવર્સિટીના ભાષાવિજ્ઞાનના વિદ્વાન ડૉ. અરવિંદ ભાંડારીએ** એમના સાથીઓની ટીમ સાથે એ અભ્યાસક્રમ ત્રીસેક, તબક્કાવાર પ્રકરણોમાં તૈયાર કરી આપેલા છે. એને 'ઓનલાઈન' મુકાય એ પૂર્વે, એની સાથે સાથે, એનાં આ પ્રકરણોનું મુદ્રિત ગ્રંથરૂપ પણ પ્રગટ કરવાનું યુનિવર્સિટીએ વિચાર્યું - એનો આ ગ્રંથ છે. ડૉ. આંબેડકર યુનિવર્સિટી વતી એના સંકલનની કામગીરી ગુજરાતીના અધ્યાપક **શ્રી હરદ્વાર ગોસ્વામીએ** સંભાળી છે. એમાં અન્ય અધ્યાપકો સહાયક થશે. સંપાદન-પ્રકાશનનું માર્ગદર્શન **પ્રો. રમણ સોની.**

આ ગ્રંથ ગુજરાતી શીખનારને જ નહીં, ગુજરાતી ભાષા જાણનારને પણ રસ પડે ને માર્ગદર્શક બને એ રીતે એનું આયોજન થયું છે.

8. **વિમર્શ-2 :** યુનિવર્સિટી જર્નલ **વિમર્શ-1**ના અનુસંધાનમાં હવે **વિમર્શ-2**નું પ્રકાશન થઈ રહ્યું છે. આ રીતે હવે, નિયમિતપણે, **વર્ષમાં બે વાર વિમર્શ પ્રકાશિત થશે :** જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં તેમ જ જૂન-જુલાઈમાં. વિમર્શ-2 જુલાઈ 2009માં પ્રગટ થશે. સંપાદક - પ્રો. રમણ સોની તથા યુનિ.ના અધ્યાપકો.

યુનિવર્સિટીએ બે મહત્ત્વના પરિસંવાદ 2008-2009 દરમ્યાન કર્યા હતા : એક, તુલનાત્મક કાવ્યશાસ્ત્ર (કમ્પેરેટિવ પોએક્ટિવ) તથા બે, સામ્પ્રત વિવેચનના વિવિધ વાદો. આ શાસ્ત્રીય અને મૂલ્યવાન પરિસંવાદનાં સુલભ વક્તવ્યો વિમર્શ-2 રૂપે પ્રગટ થશે.

9. **આ વર્ષે યુનિવર્સિટી એક નવું જર્નલ શરૂ કરે છે.**

**દૂરવર્તી શિક્ષણ પરંપરા**નું એક નવું સામયિક લગભગ 15-16 મહત્ત્વના અંગ્રેજી-ગુજરાતી લેખો સમાવે છે. દૂરવર્તી શિક્ષણ વિશે થયેલા પરિસંવાદોનાં વક્તવ્યો ઉપરાંત કેટલાક વિદ્વાનો પાસેથી લેખો નિમંત્રીને આ સામયિકને પૂર્ણ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એનું સંપાદન બી.એડ્. વિભાગનાં અધ્યાપિકા **ડૉ. મીનાબા રાજપૂત** અન્ય અધ્યાપક મિત્રોની સહાયથી કરશે.

ઉપરના સર્વ ગ્રંથો અને સામયિકો જુલાઈમાં પ્રગટ થશે એની સામગ્રી મુદ્રણ માટે સોંપાઈ ગઈ છે.

યુનિવર્સિટીના વિદ્વાન કુલપતિશ્રી **પ્રો. અવધેશકુમાર સિંહની** પ્રેરકતા આ સર્વ ગ્રંથો-સામયિકોના કાર્યને મળતી રહી છે.

**- રમણ સોની**
નિયામક
માનવવિદ્યાઓ અને સામાજિક વિજ્ઞાનો

## જ્ઞાનવાણી રેડિયોમાં
## કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહની મુલાકાત

તા. 18-6-09ના રોજ ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની શૈક્ષણિક રેડિયો ચેનલ જ્ઞાનવાણી (FM 105.4) માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહની મુલાકાત રેકોર્ડ કરવામાં આવી હતી.

દૂરવર્તી શિક્ષણના સંદર્ભે કુલપતિશ્રીએ વિવિધ રસપ્રદ વાતો કરી હતી. ઉચ્ચ શિક્ષણની વાતથી આરંભીને ભારતની વિવિધ ઓપન યુનિ.ની વાત કરી હતી. એમણે જણાવ્યું કે, 'હવેનું શિક્ષણ સ્ટૉન નહીં માઇલસ્ટૉન બનવું જોઈએ.'

ઓપન યુનિ.માં પ્રથમ વાર વિદ્યાર્થી સહાય સેવાના નિયામકની ભરતી આ યુનિ.એ કરી છે. યુનિ.નું હૃદય વિદ્યાર્થી છે. એથી વિદ્યાર્થીને કોઈ મુશ્કેલી ન પડે, એ માટે હવેથી ખાસ જોવામાં આવશે. ઓપન યુનિ.નું ભાવિ ઉજ્જ્વળ છે. ભવિષ્યમાં ઓપન યુનિ.માં જ સ્નાતક-અનુસ્નાતક થશે.

કુલપતિશ્રીએ ડૉ. બા.આ.ઓ.યુ.માં નવી વિદ્યાઓ રજૂ કરી એની વાત કરી હતી. એમના કાર્યકાળના ત્રણ વર્ષ દરમિયાન ઉત્તમ શૈક્ષણિક પ્રવૃત્તિની સાથે સાથે સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માતબર થઈ છે. જે જવલ્લે જ ઓપન યુનિ.માં થાય છે. કુલપતિશ્રીએ એમના પ્રલંબ શૈક્ષણિક અનુભવનું ભાથું ખોલ્યું હતું. સમગ્ર મુલાકાત રસપ્રદ રહી હતી. સંચાલન પ્રો. હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું. સંકલન સ્ટેશન મૅનેજર શ્રી હરીશ કકવાણીએ કર્યું હતું. તક્નિકી સહાય શ્રીમતી નેહા ભટ્ટે આપ્યો હતો.

**- હરદ્વાર ગોસ્વામી**

## મોબાઈલ સ્ટડી વાનનું કાર્યક્રમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ જેમ છેવાડાના માણસ સુધી શિક્ષણની તક પહોંચાડવા કટિબંધ છે. તેવી જ રીતે યુનિવર્સિટી રાજ્યના અંતરિયાળ વિસ્તાર માટે ઉપયોગી એવા ટૂંકા ગાળાના અભ્યાસક્રમો દ્વારા ભૌગોલિક અને આર્થિક પ્રતિકૂળતાઓને લીધે શિક્ષણથી વંચિત એવા વર્ગ માટે એક મહત્ત્વાકાંક્ષી યોજના સાકાર કરવાના ઉદ્દેશથી તા. 15-6-09ના સોમવારે પવિત્રધામ અંબાજી મુકામેથી માતાજીના પ્રાંગણયમાં યુનિવર્સિટીના ઇ/ચા કુલસચિવ/નિયામકશ્રી એસ. સી. શાહ દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. અમીરગઢ કેન્દ્રના સંયોજક રમણભાઈ પટેલ આ કાર્યક્રમમાં પ્રા. ભરતભાઈ ઠાકોર પાલનપુર સેન્ટરના કો-ઑર્ડિનેટરશ્રી માનસિંગભાઈ ચૌધરી, નવાવાસ સેન્ટરના કો-ઓર્ડિનેટરશ્રી દિલીપભાઈ વાઘેલા સાહેબે મોબાઈલવાનનું પ્રસ્થાન કરાવ્યું હતું. અંબાજી કેન્દ્રના કો-ઑર્ડિનેટરશ્રી પ્રા. દિપક બી. દરજી, પાટણ સેન્ટરના રિજીયોનલ ડાયરેક્ટર પ્રો. રેવડીવાલા વગેરે હાજર રહ્યા હતા.



આ મોબાઈલ સ્ટડી સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ અંતરિયાળ વિસ્તારમાં ખેતી સાથે સંકળાયેલા લોકો અને મહિલાઓ વિશેષ રૂપે લાભ લઈ શકે કે જે પ્રતિકૂળ પરિસ્થિતિઓને લીધે પારંપરિક શિક્ષણનો લાભ લઈ શક્યા નથી. આ મોબાઈલ સ્ટડી વાનમાં અત્યાધુનિક સાધનો અને સુવિધા જેવી કે, કોમ્પ્યુટર, ઓડિયો-વીડિયો પ્લેયર, પ્રોજેક્ટર, જનરેટર તેમ જ પ્રચાર પ્રસાર માટેની જરૂરી સાધનોથી સજ્જ છે.

ઉદ્‌ઘાટન થયા બાદ મોબાઈલ સ્ટડી વાનનો લાભ શ્રી અંબાજી ઉચ્ચતર માધ્યમિક શાળા તથા શ્રી આદર્શ નિવાસી શાળાને આપવામાં આવેલ હતો. બંને શાળાઓના પ્રિન્સિપાલશ્રી અને અન્ય કર્મચારીઓએ આ સેવાનો લાભ લીધેલ અને પૂરતો સહયોગ આપેલ ત્યાર બાદ આ વાન નીચે મુજબના પાલનપુર - અંબાજી આસપાસના ટ્રાયબલ વિસ્તારમાં પ્રચાર-પ્રસાર અર્થે ફરેલ.



તા.૧૬-૬-૦૯ના રોજ હડાદ, માંકડી તથા દલપુરા હાઈસ્કુલની મુલાકાત લેવામાં આવી હતી. તા.૧૭-૬-૦૯ના રોજ ટુંડીયા, ઘોરાડ તથા કુવારસી હાઈસ્કુલની મુલાકાત લેવામાં આવી હતી. તા.૨૫-૬-૦૯ના રોજ કુંડેલ, નવાવાસ અને દાંતા હાઈસ્કુલોની મુલાકાત લેવામાં આવી હતી. તા.૨૬-૬-૦૯ના રોજ જલોત્રા અને લોક નિકેતન રતનપુર સંકુલની વિવિધ સંસ્થાઓની મુલાકાત લેવામાં આવી હતી. તેમજ તા.૨૬-૬-૦૯ના રોજ સાંજે નૂતન ભારતી, મડાણાની વિવિધ સંસ્થાઓની મુલાકાત લેવામાં આવી હતી. આ મોબાઈલ વાનના સમગ્ર સંચાલનની તથા પરામર્શનની જવાબદારી શ્રી માનસિહ એમ. ચૌધરી તથા પ્રા. ભરતભાઈ ઠાકોરે ઉઠાવી હતી.



આ વિવિધ સંસ્થાઓની મુલાકાત દરમિયાન ૮ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને વિવિધ યુનિ.ના વિવિધ અભ્યાસક્રમો અંગે માહિતી આપવામાં આવી હતી. આ યુનિ. મહિલાઓ, નોકરી, ધંધો કે કૃષિમાં રોકાયેલા લોકો, અંતરીયાળ વિસ્તારના લોકો, શૈક્ષણિક, સામાજિક, આર્થિક, ભૌગોલિક તેમજ વ્યવસાયિક સંજોગોના લીધે ઉચ્ચ શિક્ષણથી વંચિત તમામ વર્ગના લોકો તથા ઉચ્ચ શિક્ષણ મેળવતા લોકોને અભ્યાસ કરવાની તક પુરી પાડે છે.

પરંપરાગત યુનિ.ના વિદ્યાર્થીઓ કોલેજ અથવા યુનિ. પાસે જાય છે જ્યારે ઓપન યુનિ. પોતાના અભ્યાસકેન્દ્ર દ્વારા વિદ્યાર્થી પાસે જાય છે તેટલુ જ નહિ એમને જ્યાં મુશ્કેલી પડે ત્યાં પરામર્શકો મદદરૂપ બને છે તેમજ યુનિ. વિદ્યાર્થીઓને અભ્યાસ સામગ્રી પણ પુરી પાડે છે.

આ મોબાઈલ વાનના સંચાલન અને પરામર્શન માટે પ્રા. ભરતભાઈ ઠાકોર અને કોમ્પ્યુટર નિષ્ણાત શ્રી મિતેષભાઈ પટેલ યુનિવર્સિટી વતી કાર્યરત હતા.

**- ભરત ઠાકોર,**
**ચેતના શાહ**

## અભ્યાસક્રમો અંગેની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની થયેલ બેઠકો...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની બેઠકો મળી અને જે તે અભ્યાસક્રમો અને મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા :

1. બેચરલ ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ BLIS
2. માસ્ટર ઓફ કોમર્સ M.Com.
3. NGO અભ્યાસક્રમ
4. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ PG JMC
5. બેચલર ઑફ ગુજરાતી EGT
6. માસ્ટર ઑફ ગુજરાતી MGT

ઉપરોક્ત અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીમાં અભ્યાસક્રમ ગુણવત્તા સભર બને તથા તેનું પરામર્શન યોગ્ય નિષ્ણાત દ્વારા થાય તેમ જ તેના સ્વાધ્યાય કાર્યો તૈયાર કરાવવા અને તેનું મૂલ્યાંકન કરાવવું. આ તમામ બાબતો અંગે વિશદ ચર્ચા કરી જરૂરી નિર્ણયો બેઠકમાં લેવામાં આવેલ છે. તથા જે - તે અભ્યાસક્રમોની અભ્યાસ સામગ્રી ઝડપી ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી પણ જે તે વિષયના નિષ્ણાતોને સોંપવામાં આવી.

## યુનિવર્સિટીના નવનિયુક્ત નિયામકશ્રી



**શ્રી ગૌરાંગભાઈ આર. જાની**

શિક્ષણ વિભાગ દ્વારા શ્રી ગૌરાંગભાઈ આર. જાનીને નિયામકશ્રી એકેડેમિકની જગ્યામાં પ્રતિનિયુક્તિ મુકાતા તેમાં તા.૧૮.-૦૬-૨૦૦૯ના રોજ પોતાની જગ્યાનો હવાલો સંભાળી લીધે છે.



**શ્રી મેહુલભાઈ એન. પંડ્યા**

શ્રી મેહુલભાઈ એન. પંડ્યા નિયામક સ્ટુડન્ટ સપોર્ટ સર્વિસ તરીકે નિમાતા તેઓએ તા.૧૭-૦૬-૨૦૦૯ના રોજ પોતાનો હવાલો સંભાળી લીધેલ છે.

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

આર.સી.ટેક્નિકલ ઈન્સ્ટિટયૂટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-380060. (ગુજરાત)

Ph. No. (079) 27663748, Toll Free No. 1800 233 • 1020

E-mail : feedback @ baou org, website : www.baou.org

## પ્રવેશ જાહેરાત

### ઓગસ્ટ - ૨૦૦૯ થી શરૂ થતા સત્રમાં નીચે જણાવેલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જાહેરાત

- માસ્ટર ઑફ આર્ટ્સ - અંગ્રેજી (MEG)
- માસ્ટર ઑફ આર્ટ્સ - હિન્દી (MHD)
- માસ્ટર ઑફ આર્ટ્સ - સમાજશાસ્ત્ર (MSO)
- માસ્ટર ઑફ આર્ટ્સ - ગુજરાતી (MGT)
- સ્નાતક પદવી માટેનો પ્રારંભિક અભ્યાસક્રમ (BPP)
- બેચલર ઑફ આર્ટ્સ (B.A.)
- બેચલર ઑફ કોમર્સ (B.Com.)
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ડિસ્ટન્સ એજ્યુકેશન (PGDDE)
- ડિપ્લોમા ઈન ક્રિએટીવ રાઈટીંગ ઈન ઈંગ્લિશ (DCE)
- ડિપ્લોમા ઈન ક્રિએટીવ રાઈટીંગ ઈન હિન્દી (DCH)
- ડિપ્લોમા ઈન ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ (DFM)
- ડિપ્લોમા ઈન એડવાન્સ કોસ્ટ એકાઉન્ટિંગ (DACA)
- ડિપ્લોમા ઈન એડવાન્સ એકાઉન્ટિંગ (DAA)
- ડિપ્લોમા ઈન ઈન્સ્યોરન્સ (DIN)
- ડિપ્લોમા ઈન ઓપરેશન રીસર્ચ (DOR)
- ડિપ્લોમા ઈન મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર (DMCH)
- ડિપ્લોમા ઈન રૂરલ હેલ્થ (DVHW)
- ડિપ્લોમા ઈન પેશન્ટ કેર આસિસ્ટન્ટ (DPCA)
- સર્ટીફિકેટ ઈન ફૂડ એન્ડ ન્યૂટ્રીશન (CFN)
- સર્ટીફિકેટ ઈન કમ્પ્યુટિંગ (CIC)
- સર્ટીફિકેટ ઈન ટૂરિઝમ માર્કેટિંગ (CTM)
- સર્ટીફિકેટ ઈન ટૂરિઝમ મેનેજમેન્ટ (CMT)
- સર્ટીફિકેટ ઈન ચાઈલ્ડ કેર એન્ડ ડેવલપમેન્ટ (CCCD)
- સર્ટીફિકેટ ઈન પર્સનલ કમ્પ્યૂટર સૉફ્ટ્વેર (CPCS)
- સર્ટીફિકેટ ઈન ટીચિંગ ઑફ ઈંગ્લિશ (CTE)
- સર્ટીફિકેટ ઈન એન્વાયરમેન્ટ સ્ટડીઝ (CES)
- સર્ટીફિકેટ ઈન કોમ્યુનિકેશન સ્કીલ્સ ઈન ઈંગ્લિશ : લેવલ- I (CCSE-1)
- સર્ટીફિકેટ ઈન કમ્પ્યુટર કન્સેપ્ટ-બીએઓયુ (CCC-BAOU)
- સર્ટીફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસિસ્ટન્ટ (CTBA)
- સર્ટીફિકેટ ઈન પેરન્ટહુડ (CCBP)
- સર્ટીફિકેટ ઈન યોગવિજ્ઞાન (CYS)
- સર્ટીફિકેટ ઈન નેચરોપેથી (CIN)
- સર્ટીફિકેટ ઈન હ્યુમન રાઈટ્સ (CHR)
- સર્ટીફિકેટ ઈન એન્વાયરમેન્ટ અવેરનેશ (CEA)
- સર્ટીફિકેટ ઈન ડૉ. બાબાસાહેબ આંબેડકર લાઈફ એન્ડ થોટ્સ (CALT)
- સર્ટીફિકેટ ઑફ ફીઝીયોથેરાપી ફોર ધી બ્લાઈન્ડ-૧ (CPB-1)
- સર્ટીફિકેટ ઑફ ફીઝીયોથેરાપી ફોર ધી બ્લાઈન્ડ-૨ (CPB-2)
- સર્ટીફિકેટ ઈન આંગણવાડી કાર્યકર્તા (CCAW)

નોંધ : MEG, DCE, DFM, DACA, DAA, DIN, DOR, CTE, CCSE અભ્યાસક્રમનું માધ્યમ અંગ્રેજી છે. • MHD, DCH અભ્યાસક્રમોનું માધ્યમ હિન્દી છે.

- બીપીપી અભ્યાસક્રમ પાસ કર્યાથી આ યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષ બી.એ./બી.કૉમ.માં પ્રવેશ મેળવી શકાશે.
- પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ જે તે અભ્યાસક્રમની ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ"ની તરફેણનો અને શક્ય હોય ત્યાં સુધી નેશનલાઈઝડ બેંકનો મોકલવાનો રહેશે.
- અનુસૂચિત જાતિના વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોએ જે તે અભ્યાસક્રમની પૂરેપૂરી ફી ભરવાની રહેશે તથા માહિતી-માર્ગદર્શન પુસ્તિકામાં દર્શાવેલ સુચનાઓ મુજબ જે તે અભ્યાસક્રમની પ્રોગ્રામ ફી માફી રહેશે.
- પ્રવેશ નિયત કરેલ અભ્યાસકેન્દ્ર પર તા.૨૬-૬-૨૦૦૯થી થશે. તે અંગેની વધુ વિગત યુનિવર્સિટીની વેબસાઈટ **www.baou.org.** પર તા.૨૬-૦૬-૨૦૦૯ થી જોવા મળશે.

સુચનાઓ :

- "માહિતી-માર્ગદર્શન પુસ્તિકા અને પ્રવેશ પત્રક"ની કિંમત રૂા. ૭૦/- છે.
- તા.<u>૨૬-૦૬-૨૦૦૯</u>થી માહિતી - માર્ગદર્શન પુસ્તિકા અને પ્રવેશ પત્રક યુનિવર્સિટી કાર્યાલયે તથા નીચે દર્શાવેલ તમામ કેન્દ્રો પરથી મળી શકશે.
- પ્રવેશ અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ <u>૨૪-૦૭-૨૦૦૯</u> છે. પ્રવેશપત્રકની ઝેરોક્ષ નકલ તથા જૂના ફોર્મ અમાન્ય ગણાશે. માહિતી માર્ગદર્શન પુસ્તિકામાં જણાવ્યા મુજબ જે કેન્દ્ર ઉપર જે અભ્યાસક્રમ ચાલતો હશે તે જ કેન્દ્ર પસંદ કરવાનું રહેશે. **DMCH, DVHW, CTBA, CCBP** અભ્યાસક્રમના વિદ્યાર્થીએ ભરેલા અરજીપત્રક ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે મોકલવાના રહેશે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીના અભ્યાસક્રમો ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સીલ **(DEC).**

એસોશીએશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીસ **(AIU)** તથા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન **(UGC)** દ્વારા માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી છે.

- અન્ય અભ્યાસક્રમોની સાથે આ યુનિવર્સિટીના અભ્યાસક્રોમાં પણ જોડાઈ શકાય છે.
- **(BLIS)** અભ્યાસક્રમ માટે યુનિવર્સિટીટ અલગથી પ્રવેશ જાહેરાત આપશે.

ઉપરોક્ત જાહેરાત ચાર જોનમાં જોન વાઈઝ
(૧) મધ્ય ગુજરાત - સંદેશ (અમદાવાદ)
(૨) દ.ગુજરાત, - કચ્છ મિત્ર (ભૂજ)
(૩) સૌરાષ્ટ્ર - ફૂલછાદ (રાજકોટ) જાહેરખ આપવામાં આવેલ છે.

## જ્ઞાન ગંગા

## (યુનિવર્સિટીનું મુખપત્ર)

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | કુલપતિશ્રીની કલમે | 1 |
| 2 | વિચારોત્તેજક પરિસંવાદ | 3 |
| 3 | યુનિવર્સિટી જર્નલ 'વિમર્શ'નો અર્પણ-ઉત્સવ કાર્યક્રમ | 5 |
| 4 | કવિસંમેલન | 6 |
| 5 | સ્વાધ્યાય વિભાગ | 7 |
| 6 | પ્રવેશ વિભાગ | 7 |
| 7 | M.S.W. વિભાગ : | 7 |
| 8 | આરોગ્યને લગતા અભ્યાસક્રમો | 8 |
| 9 | સેટોડિયલ | 8 |
| 10 | રેડિયો પ્રોગ્રામ | 8 |
| 11 | યુનિવર્સિટી પ્રચાર પ્રસાર | 8 |
| 12 | વહીવટી વિભાગ | 9 |
| 13 | CCC Plus/CCC In Service વિભાગ (પરીક્ષા/પ્રવેશ વિભાગ) | 9 |
| 14 | આ પુસ્તક તમે જોયું ? | 9 |
| 15 | મોનની મહેફિલમાં | 10 |
| 16 | બદલાતા યુગમાં શિક્ષણનાક્ષેત્રે નૂતન અભિગમો તેમાનું એક દૂરવર્તી શિક્ષણ | 15 |
| 17 | પરિસંવાદ : વક્તવ્ય : પ્રતિનિધિત્વ | 15 |
| 18 | DELL Project | 16 |
| 19 | કાવ્ય મોકલવા ઈજન | 18 |
| 20 | યુનિવર્સિટીનાં નવા પ્રકાશનો | 18 |
| 21 | નવા ચાલુ થનાર અભ્યાસક્રમ | 18 |
| 22 | જ્ઞાનવાણી રેડિયોમાં કુલપતિશ્રીની મુલાકાત | 19 |
| 23 | મોબાઈલ સ્ટડી વાનનું ઉદ્‌ઘાટન | 20 |
| 24 | પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની થયેલ બેઠકો... | 21 |
| 25 | યુનિવર્સિટીના નવનિયુક્ત નિયામકશ્રી | 21 |
| 26 | પ્રવેશ જાહેરાત | 22 |

## ઓલ ઈન્ડિયા ઓપન યુનિવર્સિટી વાઈસ ચાન્સેલર કોન્ફરન્સ

તા.૧૧-૦૬-૨૦૦૯ના રોજ હોટલ તાજ રેસીડેન્સી (ઉમેદ) ખાતે ઓલ ઈન્ડિયા ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીઓની કોન્ફરન્સ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટના ઉપક્રમે યોજવામાં આવેલી. બે વર્ષમાં આ ત્રીજી નેશનલ કોન્ફરન્સ યોજવાનું ગૌરવ આ યુનિવર્સિટીને મળેલ છે.

## જ્ઞાનગંગા સંદર્ભે નમ્ર નિવેદન :

પરિવર્તન એ એક સતત પ્રક્રિયા છે. તે પરિવર્તન માટે અમે આતુર છીએ. આપના અભિપ્રાય માટે આપના પ્રતિભાવ માટે..આપના પ્રતિભાવથી જ અમે જ્ઞાનગંગા મુખપત્રમાં પ્રકાશિત માહિતીમાં અને રજૂઆતમાં અમૂલ્ય પરિવર્તન લાવી શકીશું. લાયબ્રેરીયર સંયોજકશ્રી માટે કેન્દ્ર સંયોજકશ્રીએ દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી માટે કરેલ કામગીરી કે મેળવેલ સિધ્ધી જ્ઞાનગંગાના સંયોજકને મોકલવી કે જેથી કરીને સૌના સહકારથી મુખપત્રને વધુ માહિતી સભર બનાવી શકાય.

**ઈ.ચા. કુલસચિવ**

## કેન્દ્રો અને વિદ્યાર્થીને ખાસ સૂચના :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના તમામ વિભાગો શાહીબાગ જુની ઓફિસથી R.C. Technical ની નવી જગ્યાએ શીફ્ટ કરવામાં આવેલ છે. તમામ કેન્દ્ર સંયોજકો અને વિદ્યાર્થીઓએ નીચે મુજબના સરનામે સંપર્ક કરવા વિનંતી.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

આર.સી.ટેકનીકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ,

ગુજરાત હાઈકોર્ટની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,

સોલા, અમદાવાદ-380060.


**સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા**

**સંયોજકશ્રી**

**શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,**

**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી. ટેક્નિકલ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, સોલા અમદાવાદ-60**

**તંત્રી પ્રકાશક** : એસ. સી. શાહ, ઈ.ચા. કુલસચિવશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી.ટેક્નિકલ ઇન્સ્ટિટયુટ કેમ્પસ, સોલા, અમદાવાદ-60

**સંપાદક મંડળ** : ચેતના શાહ, કુસુમ શર્મા

**પરામર્શક** : પ્રો.રમણ સોની

**કોમ્પ્યુટર સેટિંગ** : કલ્પતરુ ઓફસેટ,

**અને ડિઝાઈન** : એ-3, શુભલાભ એસ્ટેટ, અંબિકા આઇસ ફેકટરી સામે, તાવડીપુરા, શાહીબાગ. અમ. (મો) 98250 42651


**BOOK POST**

**STAMP**

To, ______________________

______________________

______________________

______________________

**રવાના :**

કુલસચિવશ્રી,

**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

આર.સી.ટેક્નિકલ ઈન્સ્ટિટયૂટ કેમ્પસ,

ગુજરાત હાઈકોર્ટની સામે સરખેજ-ગાંધીનગર હાઈવે,

સોલા, અમદાવાદ-380060. (ગુજરાત)

feedback @ baou org, વેબસાઈટ : www.baou.org